॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052
**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ ડૉ.વિક્રમ સારાભાઈના જીવનની એક સત્ય ઘટના ॥

એક દિવસ સાદી ધોતી અને શાલ પહેરેલા એક સજ્જન ત્રિવેન્દ્રમ્‌ના દરિયાકિનારે એક બાંકડા પર બેસી ભગવદ્‌ગીતાનો પાઠ કરી રહ્યા હતા. એ જ વખતે એક યુવક ત્યાં આવીને બેઠો. સજ્જનના હાથમાં ભગવદ્‌ગીતા જોઈ એ યુવક બોલ્યો; 'આવાં પુસ્તકો વાંચવાનો કોઈ અર્થ છે ? જુઓ, દુનિયા ચંદ્ર ઉપર પહોંચી ગઈ છે ને તમે હજી ગીતા અને રામાયણમાં જ અટવાયેલા રહો છો!'

એ સજ્જને એ યુવકને પૂછ્યું; 'ગીતા વિશે તમે કંઈ જાણો છો ?' યુવકે એનો ઉત્તર ન આપ્યો પણ ઉત્સાહથી કહ્યું; એ વાંચવાથી શું થાય ? હું તો વિક્રમ સારાભાઈ સંશોધન સંસ્થાનો એક વિદ્યાર્થી છું. હું એક વૈજ્ઞાનિક છું. આપ કોણ છો ? પેલા સજ્જને એકદમ ધીમા સ્વરે કહ્યું;'હું વિક્રમ સારાભાઈ છું.' સાંભળીને યુવક આશ્ચર્યચકિત થઈ ગયો.

પછી તો એ યુવકે ભગવદ્‌ગીતા, રામાયણ વગેરે વાંચ્યાં એટલું જ નહિ, પોતાની આત્મકથામાં લખ્યું કે, 'ગીતા એક વિજ્ઞાન છે. અને ભારતીયો માટે એમના સાંસ્કૃતિક વારસાનું મહામૂલું ગૌરવ છે.' એ યુવક બીજા કોઈ નહિ, પણ ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ હતા! એમના મન-અંતરમાં આજીવન ડૉ.વિક્રમ સારાભાઈના શબ્દો ગુંજતા રહ્યા : 'દરેક સર્જનની પાછળ સર્જક છે. વિજ્ઞાન ગમે તેટલા ખેલ કરી લે. પણ ઈતિહાસ સાક્ષી છે, વિજ્ઞાન ઈશ્વરમાં આસ્થા રાખનારાઓ જ રચી શક્યા છે.'

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥   ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ ડિસેમ્બર ૨૦૨૩ ॥

'જ્યારે સ્વામી વિવેકાનંદના અદ્‌ભુત કંઠસ્વરથી 'ભારત' શબ્દનું ઉચ્ચારણ સાંભળ્યું એ જ ક્ષણથી અમારા મનમાં ભારતપ્રેમની ભાવનાનો ઉદય થયો. ત્રણ અક્ષરોથી બનેલા એ નાના-શા શબ્દમાં આટલું બધું ભરી શકાય છે એ વિશ્વાસ નથી થતો. એમાં પ્રેમ હતો, તીવ્ર આવેગ હતો, ગર્વ હતો, ઘરે પાછા ફરવાની વ્યાકુળતા હતી. પૂજા, અર્ચના, વિરહ એવમ્ શૌર્ય હતાં. સેંકડો પાનાં લખીને પણ કોઈ બીજાના મનમાં આ પ્રકારનો ભાવ જાગ્રત ન કરી શકે. એમના મુખથી ઉચ્ચરિત એ શબ્દમાં એવો જાદુ હતો કે જે પ્રત્યેક શ્રોતાના મનની 'સ્વપ્નભૂમિ' બની ગયો છે. ભારતવર્ષનાં મનુષ્યો, એમના આચાર-વ્યવહાર, સંસ્કૃતિ, આધ્યાત્મિક ધ્યાન-ધારણા, શાસ્ત્ર, અરે, નદીઓ, પહાડો, મેદાનો સર્વ કાંઈ મારે માટે આકર્ષક જીવંત રૂપો બની ગયાં.'

**–ક્રિસ્ટિન**

**(એક વિદેશી સન્નારી)**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. ભારત, તારી શાન રહો | પૂ.શ્રીયોગેશ્વરજી | ૭ |
| ૩. ભારતના ચંદ્રયાન-૩નું સફળ ઉતરાણ | સંકલન | ૮ |
| ૪. નવરાત્રિમાં દશ્ય પણ 'મા'ને દૃષ્ટા પણ 'મા' ! | " | ૯ |
| ૫. મહર્ષિ વ્યાસ | પૂ.શ્રીયોગેશ્વરજી | ૧૨ |
| ૬. અદ્‌ભુત મહાપુરુષ | " | ૧૫ |
| ૭. તોતાપુરીની કાયાપલટ | " | ૧૮ |
| ૮. મહર્ષિ દયાનંદ | " | ૨૧ |
| ૯. સ્વામી શિવાનંદજી | " | ૨૬ |
| ૧૦. મૌનીબાબા | " | ૨૯ |
| ૧૧. ધરમપુરના મહાત્મા | " | ૩૩ |
| ૧૨. સ્વામી રામતીર્થ | " | ૩૬ |
| ૧૩. શાંભવી મુદ્રાની સિદ્ધિવાળા મહાપુરુષ | " | ૪૨ |
| ૧૪. મહર્ષિનો મેળાપ | " | ૪૭ |
| ૧૫. મહાપુરુષોની ઓળખ | " | ૫૩ |
| ૧૬. પૂ.શ્રી'મા'ના સંજીવનીસમા પત્રો : | શ્રી'મા' સર્વેશ્વરી | |
| (૧) શ્રી નાથાભાઈ જાગાણીને | " | ૫૬ |
| (૨) શ્રી વિઠ્ઠલભાઈ ગોહિલને | " | ૬૦ |
| ૧૭. 'કર લે શૃંગાર ચતુર અલબેલી ! | સંકલન | ૬૩ |

## નિવેદન : વિઝન (કલ્પનાશીલતા) સાથેનું કાર્ય જ વિશ્વ બદલી શકે

કોઈપણ દેશ માટે આર્થિક વિકાસ સૌથી મહત્ત્વનો છે. દેશની ઘણી બધી સમસ્યાઓ ઉકેલવા માટેની તે ચાવી છે. વળી ભારતનો વિકાસ દેશના ગૌરવશાળી આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક વારસાને સુસંગત હોય એ રીતે જ ઝળહળવો જોઈએ એવું સર્વ ભારતીય વિચારવંત, મહાન આત્માઓનું માનવું છે.

આ સંદર્ભમાં એક સાચા દીર્ઘદૃષ્ટા, પ્રતિભાવંત ડૉ.વિક્રમ સારાભાઈના શબ્દો યાદ કરવા જેવા છે; તેમણે સ્પષ્ટ કહ્યું : 'લોકોને થાય છે કે એક વિકાસશીલ દેશ અવકાશને લગતી અતિ ખર્ચાળ પ્રવૃત્તિ શરૂ કરે તે કેટલે અંશે વાજબી છે ? પણ આપણો હેતુ શુદ્ધ છે. આપણે આર્થિક સમૃદ્ધ દેશોની સાથે ચંદ્ર કે કોઈ અન્ય ગ્રહ ઉપર ખેડાણ કરવાની કે કોઈ અવકાશમાં સ-માનવયાન મોકલવાની સ્પર્ધામાં ઊતરવાની કલ્પનામાં રાચતા નથી. પરંતુ આપણે જો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સાર્થક ભૂમિકા ભજવવી હશે તો આપણે લોકો અને સમાજના વાસ્તવિક પ્રશ્નોના ઉકેલમાં અત્યાધુનિક ટૅકનોલોજીના ઉપયોગમાં પ્રથમ રહેવું પડશે.'

ભારતમાં અવકાશ કાર્યક્રમ માટે ડૉ. વિક્રમ સારાભાઈએ એક ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવાની અનિવાર્યતા દર્શાવી હતી. સરકારે સમય કરતાં ઘણું આગળ વિચારતા 'અવકાશના ભીષ્મ પિતામહ'ની આ વાત સ્વીકારી અને આજે ઈસરોની સ્થાપનાએ આખા અવકાશી વિશ્વમાં ભારતના ગૌરવનો ડંકો વગાડ્યો છે. વિશ્વમાં ચંદ્રયાન-૩ જેવું વિક્રમ રોવર ઈસરોને માગ્યા દામ કમાઈ આપશે એમાં શંકા નથી.

સાથે સાથે વૈશ્વિક કલ્યાણની સર્વોપરી ઇચ્છા પણ સમગ્ર વિશ્વ સુધી પ્રસરી શકશે. કેમકે ભારતીય સંસ્કૃતિના પાયામા જ શાંતિ અને સંવાદિતા માટેનો પ્રેમ મૂર્તિમંત થયેલો છે. 'આ વિઝન વિનાનું કાર્ય ઠાલું અને કાર્ય વિનાનું વિઝન એક સ્વપ્ન જ બની રહેશે.' ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામની આ ચેતવણી દરેક રાષ્ટ્રે યાદ રાખવી રહી.



## ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૨૦

**તા. ૧૬-૩-૮૩, બુધવાર, ફાગણ સુદ બીજ સં. ૨૦૩૯**

**ડરબન શહેર**

આજે મળસ્કે અમેરિકાથી સમાચાર મળ્યા કે, સર્વેશ્વરીનાં માતાજી હૉસ્પિટલમાં છે. તેથી અમેરિકા ફોન ઉપર વાત થઈ. વળી પૂ.શ્રીની મંજૂરી મળતાં ભારત દેશમાં વ્યારા હૉસ્પિટલમાં પણ ફોનથી વાત થઈ. સમાચાર જાણ્યા. વળી, ટેલિગ્રામ પણ શ્રી શાંતિભાઈ મારફત થયો.

આજે મુલાકામાં એક દંપતી મળવા આવે છે. પૂ.શ્રી પાસે મંત્ર અંગે માર્ગદર્શન માગે છે. પૂ.શ્રી બહાર બાગમાં બેસીને તેમની સાથે વાતો કરે છે.

બપોરે ગોળ, ભાખરી ને ચણાના શાકનું ભોજન લઈએ છીએ.

હું બપોરના આરામને બદલે ત્રણ દિવસની ડાયરીનું લેખન કરી લઉં છું.

સાંજે સમયસર પ્રવચન થયું.

આજે ભારતની વ્યારા હૉસ્પિટલમાં ફોનથી તબિયતના સમાચાર જાણ્યા. ફોનની સગવડથી તરત જ દૂર દૂર વાતો થઈ જાય છે. એવી સગવડનો ઉપયોગ આગ્રહ કરીને કરાવવા માટે શ્રી રતિભાઈને અનેક અભિનંદન ઘટે છે.

હરિઃ ૐ

**–શ્રી'મા' સર્વેશ્વરી**

## ॥ ભારત, તારી શાન રહો ॥

[આત્મકલ્યાણની સમાંતરે વિશ્વકલ્યાણની ધૂણી ધખાવીને બેઠેલા મહાત્મા શ્રીયોગેશ્વરજીની પ્રબળ રાષ્ટ્રપ્રીતિનો અનોખો ઉન્મેષ આ પદમાં પ્રગટ થયો છે. ભારતનાં ગૌરવનું આ ગાન આપણને મુગ્ધ કરે તેવું છે.]

ઓ ભારત, તારી શાન રહો !
પાંચ ખંડની પૃથ્વીમાં તું,
અવિચળ એવું સ્થાન લહો !
ઓ ભારત....
વેઠે આજ વિપત્તિ ભારે,
વખત થયો વિપરીત અહો !
વાદળ જેમ જ વહી જાવ એ,
શાંતિ સમીર બધે ય વહો !
ઓ ભારત...
ગૌરવભેર ધપો આગળ તું,
સૌને સાંત્વન-શબ્દ કહો
આઝાદ રહી યુગોયુગ લગી,
નીતિધર્મને નિત્ય ચહો !
ઓ ભારત...

**–શ્રી યોગેશ્વરજી**



## ॥ ભારતના ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણનો વિશ્વવિક્રમ ॥

**(ભારતના વૈજ્ઞાનિકો એવમ્ ટૅકનિશિયનોની અભૂતપૂર્વ સિદ્ધિ)**

અમદાવાદની અવકાશ સંસ્થા સ્પેસ એપ્લીકેશન 'ઈસરો'ના વૈજ્ઞાનિકો વિશ્વાસપૂર્વક કહેતા હતા કે, 'આ વખતે ચંદ્રયાન-૩નું સૉફ્ટ લૅન્ડિંગ થશે જ.'

જો કે, લૅન્ડિંગની છેલ્લી ૧૫-૧૭ મિનિટ ખૂબ કટોકટોવાળી હોય છે તે સમયે એક નાનકડી માનવીય ભૂલ પણ સમગ્ર મહેનત પણ પાણી ફેરવી દે છે. એટલે છેલ્લી ૧૭ મિનિટના નિર્ણયો લેવાની જવાબદારી લૅન્ડરના એઆઈ પર છોડી દેવામાં આવી હતી. ઈસરોના આ એઆઈ પરના વિશ્વાસને કારણે જ છેલ્લી મિનિટે કોઈ ભૂલ થઈ નહિ અને આપણું ચંદ્રયાન સલામત લૅન્ડ થયું.

એ.શુકનવંતી તારીખ હતી ૨૩ ઑગસ્ટ, ૨૦૨૩. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન(ઈસરો)નું ચંદ્રયાન-૩ અભિયાન જુલાઈ ૧૪ના રોજ પ્રક્ષેપણ પામ્યું અને ચંદ્રની સપાટી પર તા.૨૩ ઑગસ્ટે સફળતાપૂર્વક ઉતારણ કરી શક્યું. એને 'શિવશક્તિ' નામ મળ્યું.

લૅન્ડર વિક્રમે પૃથ્વીના ૧૪ દિવસ બરાબર ત્યાંના એક દિવસની કામગીરી સફળતાપૂર્વક પૂરી કરી.

ઈસરોના અધ્યક્ષશ્રી એસ.સોમનાથે કહ્યું; 'વિક્રમ લૅન્ડર ચંદ્ર પર સુપ્તાવસ્થામાં છે, એની જાગવાની રાહ જોવી પડશે.'

'આદિત્ય એલ-૧' અવકાશયાન જાન્યુઆરીની મધ્યમાં તેના નિર્ધારિત સ્થળે પહોંચવાની શક્યતા છે.

'ગગનયાન' પણ સક્રિય થઈ જવા રહ્યું છે.

આમ, આખા વિશ્વમાં ભારતનો જયઘોષ કરનાર 'ઈસરો'નું ભવિષ્ય અનેક સંભાવનાઓથી ઉજ્જવળ છે.

**–સંકલન**

## ।। 'નવરાત્રિ'માં દશ્ય પણ 'મા'ને દૃષ્ટા પણ 'મા' ।।

'આ નવરાત્રિ 'મા'ને પણ'મા'ને માટે અચરજ લાગે છે. પૂ.શ્રીનાં જે સર્વેશ્વરી 'મા' છે તેને આ'મા' સાક્ષીભાવે જોયા કરે છે અને માણ્યા કરે છે.' એમ કહી પોતાની નિતાન્ત પ્રામાણિકતા-આત્મનિષ્ઠાનો 'પારદર્શક દસ્તાવેજ' જગત સમક્ષ 'નવરાત્રિ પર્વની સાધનાનો' પૂ.શ્રી'મા' ધરે છે.

તા.૧૪ થી ૨૨ ઑક્ટોબર સુધીમાં ૬૫૨૮ માળાઓ અને ૫ અનુષ્ઠાન પૂર્ણ થયા. (એક અનુષ્ઠાન એટલે ૧૨૫૦ જપમાળા.)

નવરાત્રિ પર્વના ૯ દિવસ દરમિયાન ૩ નિર્જળાવ્રત અને ૬ નાળિયેરપાણી પર આ સાથે પૂ.શ્રી'મા' અતિનિયમિત ૨૨૫ દંડવત્ પ્રણામ, શીર્ષાસન, પ્રત્યેક દિન દર્શનદ્વારે પાંચ વાર હાજરી તેમજ દિવસમાં બે વાર (સવારે અને સાંજે) ધીમી મેરેથોન દોડ તો ખરી જ !

રોજ રાત્રે ૨.૩૦ પછી જ વિશ્રામ. દિવસે સતત જપ...જપ...જપ...ને જપ. નિદ્રાદેવી કે વિશ્રામની ઈચ્છા જ શાંત. સતત સ્ફૂર્તિ શક્તિ રહી. શરીર સાવ હલકું ! ચાલવાનો વ્યાયામ ચાલુ રહ્યો. દરરોજ દોડવાનો વ્યાયામ પણ ચાલુ. નાળિયેરપાણી દિવસમાં માત્ર બે વાર.

પૂ.શ્રી'મા' આ હિસાબ પોતાનો આપે છે. અને કહે છે— 'મા' તો આ હિસાબ આપે પણ તે સાચો હશે કે ? એવા પ્રશ્નો જો હોય તો દીપુની પરીક્ષા લો. દીપુ ને શિપ્રા બે પતંગિયાની જેમ આસપાસ સતત ઉડતાં રહે છે જાણે 'મા'ના બૉડીગાર્ડ ! કે મંત્રી કે તંત્રી કે જંત્રી ? તમને તો સ્ટેજ પરનાં 'મા' કે



દર્શનદ્વારનાં 'મા' જ દેખાય છે પણ દીપુ અને શિપ્રાને ૨૪ કલાક 'મા' શું કરે છે ? તેની નોંધ એમના મન-અંતરમાં લખાતી હોય છે. દરેક પ્લેનમાં એક બ્લૅકબોક્ષ હોય છે. (દીપુ અને શિપ્રા પોતાનો પૂ.શ્રી'મા'ની દિનચર્યા અને પર્વની વિશેષ સાધનાનો આંખે દેખ્યો અહેવાલ કહી સંભળાવે છે.)

'મા'ને નામજપની મસ્તી એવી હતી કે નાળિયેરપાણી પણ ભૂલાઈ જતું. એ બન્ને બહેનો યાદ કરાવે પણ લેવાની ઈચ્છા જ ન થાય. સાદા પાણીની પણ ઈચ્છા ના થાય !

યાદ કરાવે ત્યારે લેવું પડે, પણ દિવસમાં બે જ વાર. એવું લાગે કે સમય બગડે છે. 'મા'નું ચાલે તો જીવનભર નિર્જળાવ્રત પર જીવી જવાય. 'યોગીકથામૃત'માં એક નિરાહારી સાધ્વીનું એક પ્રકરણ આવે છે. સ્વામી યોગાનંદ એમને મળે છે.

આ નવરાત્રિમાં આવો આકરો પ્રયોગ પૂર્ણ થઈ શક્યો એ અચરજ છે. 'મા'ને પણ !

બે પદ લખાયાં છે. રાત્રિના ૧૦.૩૦ થઈ ગયા છે માટે કોઈકવાર પદ સાંભળીશું.

પદની પંક્તિ છે—'અમે તો લઈએ એનું નામ,
અમારાં એ જ કરે છે કામ.'

**—સંકલન**

*

## ।। શરણાગતિ ।।

જ્યારે આપણા જ્ઞાન-તપ-જપના તમામ પુરુષાર્થો વિફળ જતા લાગે ત્યારે આપણે 'મા-મા' કહીએ છીએ. 'હે મા ! મને

સંભાળો.' એમ કહી; 'મા'ના સગુણ, સાકાર, વિશિષ્ટ નામરૂપમાં પરમાત્માનો સાક્ષાત્કાર સાધના દ્વારા કરવા ચાહીએ છીએ.

શરણાગતિના ભાવથી 'જીવનની દિવ્યતા' સાથે સંબંધિત થવા 'જગદંબા'નું પ્રતીક શોધાયું છે.

આ જગદંબાની ભક્તિથી, સમર્પિત ભાવથી ચિત્તની શુદ્ધિ સાધવાની છે. રિદ્ધિ-સિદ્ધિના બહાને પણ વિષયો ચિત્ત પર આક્રમણ ન કરે એવી સાધનાની, પળપળની જાગૃતિ સાધકે રાખવાની છે.

તેથી સાધનાનો પ્રારંભ સ્વશિક્ષણથી કરવાનો છે. કાયા-વાચા-મનસા શુદ્ધીકરણ આરંભવાનું છે.

ટૂંકમાં, સાધક 'રસેશ્વર' પ્રત્યે એકાગ્ર ન થાય તો તેનું મન વિષયોમાં રસ લેતું થઈ જશે. તેથી તેનો સર્વ વ્યવહાર સોઽહમ્‌ના સ્રોતમાંથી થવો જોઈએ, અહમ્‌ના સ્રોતમાંથી નહિ.

*

॥ સાધનામયી 'મા'ની સ્નેહસંનિધિમાં સાધકોની સાધના ॥

(તા.૧૫–૧૦–૨૦૨૩ થી તા.૨૩–૧૦–૨૦૨૩)

| | |
|---|---|
| ૬.૩૦ થી ૭ મૌન સાધના | ૨॥ થી ૩ મૌન સાધના |
| ૭ થી ૮.૩૦ વંદના | ૩ થી ૪ યોગતીર્થદર્શન (સંકીર્તન) |
| ૯.૩૦ થી ૧૦.૦૦ જપયાત્રા | ૫ થી ૫.૩૦ જપયાત્રા |
| ૧૦.૩૦ થી ૧૧.૩૦ રામાયણ પાઠ | ૫.૩૦ થી ૬.૩૦ પ્રેમસંગીત-પારાયણ |
| ૧૧.૩૦ થી ૧૨.૩૦ D.V.D. | ૭.૩૦ થી ૮.૩૦ વંદના |
| | ૯.૧૫ થી ૯.૪૫ જપયાત્રા (સંતદર્શન) |



# ॥ મહર્ષિ વ્યાસ ॥

પરાશર ઋષિ મત્સ્યગંધાને જોઈને મોહિત થયા. મત્સ્યગંધાને એમણે પોતાની સાથે રહેવાનું કહ્યું ત્યારે મત્સ્યગંધાએ કહ્યું કે ઋષિ, હું તમારી સાથે રહીને તમને આનંદ આપવા તૈયાર છું પરંતુ મારા શરીરમાંથી જે ભયંકર દુર્ગંધ નીકળે છે તે તમને ગમશે ? મારા સમસ્ત શરીરમાંથી માથું ફાડી નાખનારી માછલીને મળતી દુર્ગંધ છૂટે છે !

વાત સાચી હતી, પરંતુ પરાશર ઋષિ સમર્થ હતા, એટલે એમણે કહ્યું કે મારા યોગસામર્થ્યના પ્રભાવથી આ દુર્ગંધ હું હમણાં જ દૂર કરું છું.

ઋષિએ કમંડળમાંથી પાણી લઈને મંત્રોચ્ચાર સહિત મત્સ્યગંધાના શરીર પર છાંટ્યું અને ત્યાં તો અસાધારણ ચમત્કાર થયો. મત્સ્યગંધાની કાયાપલટ થઈ ગઈ. એનો નવો અવતાર થયો. શરીરમાંથી, અંગપ્રત્યાંગમાંથી, માછલીની દુર્ગંધને બદલે પુષ્પોની સુવાસ છૂટવા લાગી. મત્સ્યગંધા આ અદૃષ્ટપૂર્વ ઘટનાને નજરે નિહાળીને આશ્ચર્યચકિત થઈ આનંદ પામી.

પછી તો એ પરાશર મુનિની સાથે રહી, અને એને પરિણામે એને એક પુત્ર થયો એનું નામ વ્યાસ.

વ્યાસની ઉત્પત્તિ પછી પરાશર પાછા તપશ્ચર્યા કરવા નીકળી પડ્યા. મત્સ્યગંધા અથવા તો સત્યવતી પોતાના પિતાને ત્યાં પાછી વળી.

વ્યાસના પ્રાગટ્યની પાછળ આવો અસાધારણ ઈતિહાસ રહેલો છે. એટલા માટે જ ભક્તકવિ પ્રીતમદાસે 'જુઓ વ્યાસ વણપરણીના' કહીને એમનો ઉલ્લેખ કરેલો છે.

એ વ્યાસ પોતાની અપ્રતિમ બૌદ્ધિક પ્રતિભા કે મેધાથી ભારતના ઈતિહાસમાં આજે પણ અમર છે. એમનું સ્થાન અનેરું ને અજોડ છે. એમણે જે લોકોત્તર ચિરંજીવ સાહિત્યનું દાન કર્યું છે, તે લાખો લોકોને પ્રેરણા આપતું આજે પણ પ્રકાશી રહ્યું છે. એવો એક પણ મહત્ત્વનો વિષય નથી કે જેને વિશે એમણે કાંઈ લખ્યું ના હોય. એટલા માટે તો કહેવાય છે કે व्यासोच्छिष्टं जगत्सर्वम् । એટલે કે વ્યાસે પોતાની અલૌકિક લેખનશક્તિથી જગતને ઉચ્છિષ્ટ કરી દીધું છે. જે કહેવા જ યોગ્ય હતું તે બધું એમણે કહી દીધું છે. એમના વિપુલ સાહિત્યભંડારનું વિહંગાવલોકન કરતાં લાગે છે કે એ પ્રશસ્તિ કાંઈ એમની નથી કરાઈ. એ સહેતુક અને સાર્થ છે. ભાગવત, મહાભારત, ને બીજાં પુરાણ તથા ગીતા ને બ્રહ્મસૂત્ર જેવા ગ્રંથરત્નો રચીને એમણે એકલા ભારતવર્ષની જ નહિ પરંતુ સંસારની મહાન સેવા કરી છે. એમના સાહિત્યનો ખજાનો દરેક યુગમાં અને દરેક દેશના પ્રજાજનોને કામ લાગે એવો છે. માટે તો વરસો વીતી ગયાં છતાં પણ એનું આકર્ષણ એવું ને એવું જ અનેરું રહ્યું છે. એમાં જે પ્રાણદાયક, રસભરપૂર સામગ્રી છે, તે માનવના આત્માને સ્પર્શે છે, ઢંઢોળે છે, જગાડે છે, ઉદાત્ત બનાવે છે, ને ઉત્તમતા તરફ પ્રેરે છે. માટે જ એ અવિનાશી છે. દેશ કે કાળની અસરો એને સ્પર્શી નથી શકતી, તેમજ એના સ્વત્વને ઓછુંયે નથી કરી શકતી.

વ્યાસ ભારતીય ધર્મ ને તત્ત્વજ્ઞાનના એક મહાન સમન્વયકાર છે. એમના જમાનામાં જે જુદા જુદા વિદ્વાનો હતા તે વેદ અથવા તો ઉપનિષદને પ્રમાણભૂત માનતા, ને એમાંથી પ્રેરણા મેળવીને તેના શબ્દોના ભિન્નભિન્ન અર્થ કરતા રહેતા. વ્યાસે વિભિન્ન વિચારસરણીઓની વચ્ચે સામંજસ્ય સ્થાપના માટેના શુભ હેતુથી પ્રેરાઈને જ બ્રહ્મસૂત્રની રચના કરી છે, એની



પ્રતીતિ એ મહાન ગ્રંથશિરોમણિના ચારેય અધ્યાયનું અધ્યયન કર્યા પછી સહેજે થઈ રહે છે. વિદ્વાનોમાં એ ગ્રંથ અત્યંત આદરણીય મનાય છે. વ્યાસની એ સેવા કાંઈ ઓછી નથી.

*

પરંતુ એમની સર્વોત્તમ સેવા તો શ્રીમદ્ ભગવદ્ગીતાની રચનામાં રહેલી છે. જે સિદ્ધાંતો એમને અતિશય પ્રેરણાસ્પદ ને પ્રિય લાગતા હતા, ને જે એમના જીવનનું ધ્રુવપદ બનીને બેસી ગયા હતા તે એમણે ગીતામાં અંકિત કર્યા છે. ગીતા એ રીતે કેવલ શ્રીકૃષ્ણ ભગવાનનું જ નહિ, પરંતુ મહર્ષિ વ્યાસનું પણ હૃદય છે. સંસારને એ એમનું સર્વશ્રેષ્ઠ અર્પણ.

અને એ કાંઈ એકલા સાહિત્યકાર કે તત્ત્વદર્શિની જ થોડા હતા ? એ તત્ત્વર્થી પણ હતા. તપશ્ચર્યા કરીને એમને અલૌકિક શક્તિ મળેલી હતી. એટલે તો એ શક્તિના પ્રભાવથી એમણે હસ્તિનાપુરમાં બેઠેલા સંજયને દૈવી દૃષ્ટિ આપી. દિવ્યદર્શનને દિવ્ય શ્રવણની બેવડી શક્તિથી સંપન્ન થયેલા સંજયે મહાભારતના યુદ્ધનો પ્રારંભિક ઈતિહાસ ધૃતરાષ્ટ્રને કહી સંભળાવ્યો તે એ શક્તિની પ્રસાદીને લીધે જ. એવી તો કેટલીય શક્તિઓ વ્યાસમાં હતી. એવી કોઈયે લોકોત્તર શક્તિનું દિગ્દર્શન ના કરાવ્યું હોત, અને સંસારને બીજો કોઈપણ ગ્રંથ ના આપવાને બદલે એકલી ગીતાની જ ભેટ આપી હોત, તોપણ વ્યાસ પ્રાતઃસ્મરણીય અથવા અમર બની રહેત.

આવા વ્યાસ ચોવીસ અવતારોમાંના એક ગણાયા છે અને આષાઢી પૂર્ણિમાએ એમની ઠેરઠેર પૂજા થાય છે. ને આખા દેશમાં ગુરુપૂર્ણિમા ઉજવવામાં આવે છે.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ અદ્‌ભુત મહાપુરુષ ॥

દક્ષિણેશ્વરનું નામ કોણે નથી સાંભળ્યું ?

ભારતની અંદર જ નહિ, ભારતની બહારના દેશોમાં પણ એ નામ જાણીતું છે. પરદેશીઓ એનાં દર્શને આવે છે.

એની સાથે કેવળ ભારતની જ નહિ, પરંતુ સંસારની મહાન આધ્યાત્મિક વિભૂતિ શ્રી રામકૃષ્ણ પરમહંસનું નામ સંકળાયેલું છે. એ મહાપુરુષે ત્યાં રહીને પોતાના જીવનની સાધના તથા મહામૂલ્યવાન લીલા કરેલી.

કલકત્તામાં ગંગાતટવર્તી શાંત અને એકાંત સ્થાનમાં એમની સ્મૃતિઓ આજે પણ વિદ્યમાન છે. એમની દીર્ઘકાળની તપશ્ચર્યા તથા આરાધનાનાં પરમાણુ ત્યાંના વાતાવરણમાં ફરી રહ્યાં હોય તથા પ્રેરણાની સામગ્રી ધરી રહ્યાં હોય એવું જ લાગ્યા કરે છે. એને લીધે દર્શનાર્થીને ઊંડી શાંતિ મળે છે. જાણે પોતે આ દુનિયાની કોઈ નવી-દૈવી દુનિયામાં પ્રવેશ કર્યો હોય એવો પણ અનુભવ થાય છે.

સર્વપ્રથમ ઈ.સ.૧૯૪૫માં મેં એ સુંદર સ્થળની મુલાકાત લીધી ને ત્યાં થોડો વખત રહ્યો ત્યારે મારું હૃદય ઈશ્વરભક્તિથી તથા રામકૃષ્ણ પરમહંસદેવ માટેના પ્રેમથી ભરપૂર હતું. મનમાં એવી ઈચ્છા હતી કે મને શ્રી રામકૃષ્ણ પરમહંસનું પણ દર્શન થાય તેમજ તેમના તરફથી નવો અનુભવ મળે તો સારું.

એ દિવસોમાં મારો દિવસ અને રાતનો સમય પ્રાર્થના તથા ધ્યાનમાં જ પૂરો થતો મારા અંતરમાં શાંતિ માટે જે ઝંખના અને આતુરતા હતી તેનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી.

એ એકાંત, સુંદર, શાંત સ્થળમાં સૂક્ષ્મરૂપે મળી ગયેલા રામકૃષ્ણ દેવના જીવનપ્રસંગો મારા સ્મૃતિપટ પર અને મારી આંખ આગળ સજીવ બની રમવા માંડ્યા.



એ દિવસોમાં એક અજબ બનાવ બન્યો. દક્ષિણેશ્વરમાં પંચવટી પાસેના ઓટલા પર હું બેસતો ત્યાં મને એક વિચિત્ર પ્રકારના મહાત્માપુરુષનું દર્શન થયું. એમણે લાલ રંગનાં વસ્ત્રો પહેરેલાં. એ કાંઈપણ બોલ્યા વગર પંચવટીના વિસ્તારમાં આંટા મારતા અને થોડી થોડી વારે મારી સામે પ્રેમપૂર્વક જોઈ બેસી રહેતા. જોઈએ ત્યારે એમની આંખમાંથી અશ્રુધારા ટપકયા કરતી.

ઈશ્વરીય પ્રેમભાવમાં ડૂબેલા એ મહાપુરુષ ખરેખર દર્શનીય ને અનોખા હતા. એક વાર મનમાં વિચાર થયો ઈશ્વરદર્શન માટે 'અકસીર ઉપાય' કયો તે બાબત એ મહાપુરુષને પૂછી જોઉં તેમણે મારા વિચારને જાણી લઈ, મારી પાસે આવી પોતાની આંસુ-નીતરતી આંખ દેખાડી. એમ કરી એમણે સૂચવ્યું. 'આવો પ્રેમ, આવો પ્રખર પ્રેમ હોય તો ઈશ્વરદર્શન થઈ શકે.'

મને એ સૂચનથી સંતોષ થયો.

એમની આંખમાંથી અખંડ આંસુ નીકળતાં ને એમના મુખમાંથી 'મા', 'મા'નો એકધારો ધ્વનિ બહાર પડતો.

એ કોણ હશે ? કોઈ ભક્ત હશે ? સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચેલા કૃતાર્થ મહાપુરુષ હશે ? આત્મભાવમાં આસીન યોગી હશે, કે રામકૃષ્ણ પરમહંસ પોતે હશે ? એ ગમે તે હોય, પરમ પ્રેરણાદાયક હતા એમાં શંકા નહિ.

ત્રણચાર દિવસ પછી એ, આવેલા તેવી જ આકસ્મિક રીતે, દેખાતા બંધ થયા. એ ક્યાં ઉપડી ગયા તેની ખબર જ ન પડી— છતાં એમની આકૃતિ સ્મૃતિપટ પર કાયમ અંકિત થઈ ગઈ. વરસો વીતી ગયાં છતાં એ છાપ એવી જ અમર છે અને રહેશે.

એ અશ્રુઝરતી, અલૌકિક પ્રેમભરી આકૃતિ જાણે શ્રી રામકૃષ્ણદેવના શબ્દોમાં સંદેશ આપી રહી છે :

'સંસારમાં પોતાના કોઈ પ્રિય સ્વજનનું મરણ થાય છે તો

તેના શોકમાં માણસ ઘણાં આંસુ સારે છે કોઈ પ્રિયજનનો વિયોગ થતાં કે ધંધામાં નુકશાન જતાં અથવા એવી જ કોઈ ભૌતિક, આધિભૌતિક આપત્તિ આવતાં એવી પોક મૂકીને રડવા માંડે છે કે એ રૂદનથી આંસુના ઘડા ભરાઈ જાય. પરંતુ ઈશ્વર માટે એવી રીતે કોણ રડે છે ? અરે, એકપણ આંસુ કોણ સારે છે ? એને માટેનો પવિત્ર ને સાચો પ્રેમ કોનામાં છે ? પછી ઈશ્વર કેવી રીતે મળે ?'

ગીતામાં ઈશ્વરપ્રાપ્તિના ઉપાયોની ચર્ચા કરતાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે 'હે અર્જુન, આખું જગત જેના આશ્રયે રહે છે ને જે આ સૃષ્ટિમાં વ્યાપક છે તે પરમાત્મા ભક્તિ દ્વારા મળી શકે છે.'

એ શ્લોક પણ એ મહાપુરુષની ચર્ચા કરતાં યાદ આવે છે. દક્ષિણેશ્વરના એ મહાપુરુષને મારાં અત્યંત પ્રેમ તથા ભાવપૂર્વક વારંવાર વંદન છે. એ મહાપુરુષ અજોડ ભક્તિ અથવા પ્રખર પ્રેમના મૂર્તિમંત સ્વરૂપ જેવા હતા એવા મહાપુરુષોને મુખ ખોલવાની જરૂર નથી હોતી. ખાસ નોંધપાત્ર વસ્તુ તો એ હોય છે, કે જે હેતુ શાસ્ત્રાધ્યયનથી, પ્રવચનોથી સરે તે જીવન વિકાસની પ્રેરણાનો હેતુ એમના દર્શન માત્રથી જ સરી રહે છે. એમની વાણી નથી બોલતી, પણ એમનો વ્યવહાર બોલે છે. તેવા પુરુષો ગમે ત્યાં અને ગમે તેવા રૂપરંગમાં રહેતા હોય તો પણ જે દેશમાં રહેતા હોય તે દેશ અને આખા જગતના ખજાનારૂપ છે. કોઈપણ પ્રજા એવા સિદ્ધ-તપસ્વી મહાપુરુષો માટે ગૌરવ લઈ શકે છે. આંખ ઉઘાડી હોય તો એમનામાંથી પ્રેરણા પામીને આગળ વધે છે.

ભારતની પુણ્યભૂમિમાં આજેય એવા અજ્ઞાત, ઈશ્વરપ્રેમી મહાપુરુષો ક્યાં અને કેટલા હશે તે કોણ કહી શકે ? પરંતુ તે છે એ આ દેશનું ઓછું સદ્‌ભાગ્ય તો નથી જ.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ તોતાપુરીની કાયાપલટ ॥

શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના યોગસાધનાના ગુરુ તોતાપુરીએ નર્મદાના પ્રશાંત તટ પર વરસો સુધી એકાંતિક સાધના કરીને તેમણે નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ કરેલી અને ઈશ્વરના નિરાકાર સ્વરૂપનો સાક્ષાત્કાર કરેલો, પરંતુ એમને ઈશ્વરના સાકાર સ્વરૂપમાં તથા ભક્તિમાં શ્રદ્ધા ન હતી. શ્રદ્ધા ન હતી એ તો બરાબર, પરંતુ વધારેમાં અણગમો કે તિરસ્કાર હતો. રામકૃષ્ણદેવ ઈશ્વરનું નામસંકીર્તન કરતાં તાળીઓ પાડતા તે જોઈને એ હસતા ને વ્યંગમાં કહેતા કે તાળીઓ પાડીને ઝાડ પરથી પંખીઓ ઉડાડો છો કે શું ? રામકૃષ્ણ કહેતા કે પંખીઓને નથી ઉડાડતો પરંતુ ઈશ્વરના ગુણાનુવાદ ગાઉં છું. તો પણ તોતાપુરી તો વિનોદ કરતાં હસતા જ રહેતા.

રામકૃષ્ણદેવનો ભક્તિભાવ પણ કેવો ? જગદંબાના ગુણાનુવાદને પરિણામે એમની આંખમાંથી પ્રેમનાં આંસુ વહી જાય, એમને રોમાંચ થાય, અને એમનું મન શરીર અને ઈન્દ્રિયોના સ્થૂળ પ્રદેશમાંથી ઉપર ઊઠીને સમાધિના સૂક્ષ્મ પ્રદેશમાં પ્રવેશ કરી જાય. એ દૃષ્ટિએ જોતાં એમનું જીવન એકદમ વિલક્ષણ હતું. એમની એ વિલક્ષણતાને તોતાપુરી ના સમજી શકતા. છતાં પણ એમના બીજા અસાધારણ ગુણોને લીધે એ એમની ઉપર પ્રેમ રાખતા.

ભક્તિભાવમાં ના માનવાને લીધે તો તોતાપુરી લાંબા વખત લગી દક્ષિણેશ્વરમાં રહેવા છતાં રામકૃષ્ણ જેમને ઈષ્ટ માનતા તે દેવીના મંદિરનાં દર્શન કરવા માટે ગયા જ ન હતા.

રામકૃષ્ણદેવના પવિત્ર પ્રેમથી પ્રેરાઈને તોતાપુરી દક્ષિણેશ્વરના સ્થાનમાં છ મહિના જેટલો લાંબો વખત રહ્યા તે દરમિયાન એક નોંધપાત્ર બનાવ બન્યો.

કલકત્તાનું પાણી માફક ના આવવાથી કે કોઈક બીજા

કારણથી એમને શરીરે ભયંકર ગરમી ફાટી નીકળી.

ઉપચાર કરવામાં એ માનતા જ નહિ, અને બીજી રીતે એમની ગરમી ના મટી પણ વધતી જ ગઈ, એટલે આખરે એ કંટાળ્યા અને શરીરનો ત્યાગ કરવા માટે તૈયાર થયા.

એક દિવસ એમણે નક્કી કર્યું કે આજે રાતે મંદિરમાં બધાં સૂઈ જશે ત્યારે, કોઈકને ખબર નહિ પડે તેવી રીતે બાજુમાં વહેતી ગંગામાં ડૂબીને મારા શરીરને શાંત કરી દઈશ. એ સિવાય બીજો કોઈ રસ્તો મને નથી દેખાતો.

એ વાતની જરા જેટલીયે ગંધ રામકૃષ્ણદેવને ના આવે એનું એમણે ધ્યાન રાખ્યું.

મધરાતને વખતે સમસ્ત સૃષ્ટિ શાંત થઈ ગઈ ત્યારે, તોતાપુરી પોતાના પંચવટીના વૃક્ષ નીચેના એકાંત આસન પરથી ઊભા થયા, કોઈ પોતાને જોતું તો નથી ને એની ખાતરી કરી લેવા એમણે આજુબાજુ નજર નાંખી, અને ગંગાના ઘાટ તરફ પ્રયાણ કર્યું.

ઘાટ પર આવીને એમણે ગંગાના પાણીમાં પ્રવેશ કર્યો અને આગળ વધ્યા. પરંતુ એમના આશ્ચર્યનો પાર ના રહ્યો.

જે ગંગા રોજ પ્રબળ વેગથી વહી જતી તે ગંગામાં આજે એમને ડૂબાડવા જેટલું પાણી જ ના લાગ્યું. એ પાણી ઘૂંટણ કરતાં ઉપર ચઢતું જ નથી. એ પાણી ગયું કયાં ?

એ વધારે આગળ વધ્યા પરંતુ પાણીની સપાટી સહેજ પણ ના વધી.

છેવટે નિરાશ થઈને, શરીરત્યાગનો વિચાર પડતો મૂકીને, કોઈ પોતાને જોઈ જાય તે પહેલાં જ પોતાના આસન પર પાછા ફરવાની ઈચ્છા સાથે એ ઘાટ પરથી પાછા ફર્યા.

પરંતુ વિધિનું વિધાન જુદું જ હતું. એ ઘાટ પરથી પાછા ફરતા'તા ત્યાં જ માર્ગમાં એમને રામકૃષ્ણદેવનો મેળાપ થયો.

એમને આકસ્મિક રીતે આવેલા જોઈને એમને ખૂબ જ સંકોચ થયો.



રામકૃષ્ણદેવે એમને સંકોચરહિત સ્વરે પૂછ્યું, 'ગુરુદેવ, અત્યારે મધરાતને વખતે આમ ક્યાંથી ?'

તોતાપુરી નિરુત્તર રહ્યા એટલે રામકૃષ્ણદેવે કહ્યું. 'જગદંબાની કૃપાથી હું જાણું છું કે તમે ગંગામાં ડૂબવા ગયેલા. મારી માને તમે માનતા નથી પરંતુ એણે જ તમને બચાવ્યા છે. તમે એને પગે તો લાગો.'

એમના શબ્દોની તોતાપુરી પર અસાધારણ અસર થઈ. એ દેવીના મંદિરમાં જવા માટે પહેલી જ વખત તૈયાર થયા.

મંદિરમાં પ્રવેશીને જોયું તો દેવી સામે જ ઊભી હતી. એણે કહ્યું, 'તોતાપુરી, તું મને માનતો નથી પરંતુ હું છું. તને આજે ગંગામાં ડૂબતો મેં જ બચાવ્યો છે. તને અજ્ઞાન તથા સંકુચિતતામાંથી મુક્ત કરવા માટે જ મેં એ પ્રસંગ યોજેલો. મારા અનુગ્રહ અથવા આશીર્વાદથી તારી બધીય ગરમી હવે મટી જશે, અને તું પણ હવે થોડા જ વખતમાં આ સ્થળમાંથી વિદાય થજે.'

તોતાપુરી દેવીના ચરણે પડ્યા. એ જ વખતે દેવી અદૃશ્ય થઈ ગઈ. 'સાકાર અને નિરાકાર બંને એક જ સિક્કાનાં બે પાસાં જેવાં છે. બંને એકમેક સાથે જોડાયેલા છે.' રામકૃષ્ણદેવનાં એ વચનોનો મર્મ એ અદ્‌ભુત અનુભૂતિથી એમને સારી પેઠે સમજાઈ ગયો. એમને સર્વાંગી જ્ઞાનની પ્રાપ્તિ થઈ.

શરીર તથા મનનું સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવીને છેવટે એ દક્ષિણેશ્વરથી ચાલી નીકળ્યા ત્યારે રામકૃષ્ણદેવના વિયોગના વિચારે ગળગળા બની ગયા. એમની આંખ આભારની અભિવ્યક્તિ કરતી ટપકી પડી. ધન્ય એ ગુરુ ને ધન્ય એ શિષ્ય ! બંને એકમેકના જીવનવિકાસના ગુરુ થયા ને બંને એકમેકના શિષ્ય બન્યા.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ મહર્ષિ દયાનંદ ॥

મોરબી પાસેનું નાનું સરખું ટંકારા ગામ. દેશમાં એને કોણ જાણતું અને મહત્ત્વનું માનતું ? આજે એ દેશના જ નહિ દેશની બહારના કેટલાય માનવોને માટે માનપાત્ર મનાય છે. હજારો સ્ત્રીપુરુષો એના સ્મરણમાત્રથી ગૌરવ અને પ્રેરણાની ઊંડી લાગણીનો અનુભવ કરે છે, અને એના દર્શનને જીવનનું પરમ સૌભાગ્ય ગણે છે. આ વરસે મહાશિવરાત્રીને પર્વ દિવસે ત્યાં ઋષિમેળો થવાનો છે અને હજારો લોકો એકઠા થવાના છે. એનું કારણ શું ? સૌરાષ્ટ્રના એક દૂરના ખૂણામાં આવેલું આ ગામ છેલ્લા સૈકાના ઉત્તરાર્ધમાં આટલા બધા અપાર આદરભાવ અને આકર્ષણનું કેન્દ્ર કેવી રીતે બની શક્યું ? દેશ અને દુનિયાના કેટલાંક અમર તીર્થસ્થાનો અથવા પ્રેરણાધામોમાં એની ગણના કેવી રીતે થઈ ?

ટંકારામાં એ નાનાસરખા ગામડાએ વિશાળ જનસમૂહનું ધ્યાન ખેંચ્યું છે એનું કારણ એ છે કે ગામમાં વરસો પહેલાં એક મહાપ્રતાપી મહાપુરુષનો જન્મ થયો છે : મહર્ષિ દયાનંદ સરસ્વતીનો. આ દેશની ધરતી જ એવી છે કે એના પર જમાનાની જરૂરત પ્રમાણે સમય સમય પર, અલગઅલગ ગુણવત્તાવાળા મહાપુરુષો પેદા થતા જ જાય છે. વચ્ચે થોડો વખત એમતેમ વીતે છે ને વળી કોઈ પ્રતાપી મહાપુરુષનું, કોઈક શક્તિસંચારક જ્યોતિર્ધરનું પ્રાકટ્ય થાય છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી એક એવા જ વિરલ મહાન જ્યોતિર્ધર હતા. પોતાના જીવન દ્વારા અસંખ્ય સ્ત્રીપુરુષો પર એ પોતાની અમીટ છાપ મૂકી ગયા છે તેની પ્રતીતિ આજે પણ સહેલાઈથી થઈ શકે છે.

ટંકારા ગામ એમને માટે ખરેખર ગૌરવ લઈ શકે તેમ છે. મહર્ષિ દયાનંદે એ નાનાસરખા ગામમાંથી બહાર નીકળીને



આગળ પર જે લોકહિતનું કલ્યાણકાર્ય કરી બતાવ્યું તે આજે સુવિદિત છે. દેશ પ્રત્યેની અપાર અનુકંપાથી પ્રેરાઈને એમણે સમાજસુધારાનો જે કાર્યક્રમ વહેતો કર્યો એ એકદમ મૌલિક હતો. એના પરથી એમની દૂરદર્શિતાનો ખ્યાલ આવે છે. એ જ કાર્યક્રમને પાછળથી મહાત્મા ગાંધીજીએ રાષ્ટ્રહિત માટે વહેતો કર્યો. એમણે આર્ષદૃષ્ટા બનીને વરસો પહેલાં જોઈ લીધું કે દેશને એક સર્વસામાન્ય ભાષાની આવશ્યકતા છે, અને એવી ભાષા બનવા માટે હિંદી વિશેષ યોગ્ય છે. એની સાથે સાથે સ્ત્રીજાતિની ઉન્નતિ કે કન્યાકેળવણી તરફ ધ્યાન આપવા એમણે ખાસ ભલામણ કરી અને કહ્યું કે સ્ત્રીઓને શિક્ષિત કરવાથી અને સુસંસ્કૃત બનાવવાથી જ દેશની સાચી અને સંપૂર્ણ ઉન્નતિ થઈ શકશે. કન્યાગુરુકુળોની સ્થાપના પર એમણે ખાસ ભાર મૂક્યો.

દેશી રાજ્યોની સુધારણા તરફ પણ એમનું ધ્યાન દોરાયું હતું; એને માટે એમણે બનતા બધા પ્રયત્નો પણ કર્યા, અને એમના જીવનનો અંત પણ એ દરમિયાન જ આવ્યો. એ મહાન રાષ્ટ્રપ્રેમી તથા રાષ્ટ્રવિધાયક હતા. એમના કાળદરમિયાન હિંદુ ધર્મ અને હિંદુ જાતિના મસ્તક પર પરધર્મીઓના પ્રખર પ્રચારનો તથા અંદરઅંદરના વિખવાદનો જે મહાન ભય તોળાતો હતો તેને દૂર કરવા માટે એમણે પોતાની રીતે પુરુષાર્થ કર્યો. સ્વામી વિવેકાનંદ અને દયાનંદ બંને સમકાલીન તથા ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમભાવથી ભરપૂર હતા. એ ઉત્કટ પ્રેમભાવથી પ્રેરાઈને સ્વામી વિવેકાનંદે ભારતને માટે ભારતની બહાર જેવું મહામૂલ્યવાન, ઉપયોગી, સંગીન કામ કર્યું તેવું જ ભારતીય સંસ્કૃતિ માટેનું મહામૂલ્યવાન, ઉપયોગી અને સંગીન કામ મહર્ષિ દયાનંદે ભારતમાં રહીને કર્યું. બંનેની વિચારપદ્ધતિ અને કાર્યપ્રણાલિમાં થોડોઘણો ભેદ હોવા છતાં બંને ભારતના મહાન

અને સાચા સપૂત હતા એમાં સંદેહ નહિ. એ દૃષ્ટિએ જોતાં વિવેકાનંદ તથા દયાનંદ બંને ભારતીય સંસ્કૃતિના અનુક્રમે પરદેશપ્રધાન અને ગૃહપ્રધાન હતા. બંનેએ દેશનું પરમ કલ્યાણ કર્યું છે, અને બંનેને માટે દેશ ગૌરવ લઈ શકે છે.

દયાનંદે અસ્પૃશ્યતાનિવારણનું સમર્થન કરીને કહ્યું કે અસ્પૃશ્યતા વેદવિરોધી તેમજ હિંદુ જાતિના કલંકરૂપ છે, માટે એને કોઈયે સંજોગોમાં આશ્રય ના આપી શકાય. એને દૂર જ કરવી જોઈએ.

એવા પ્રતાપી, રાષ્ટ્રપ્રેમી મહાપુરુષના જન્મસ્થાનમાં સૌ ભેગા મળે, એમના જીવનસંદેશ પર વિચારણા કરે, અને એ દ્વારા પ્રેરણા તેમજ પ્રકાશ મેળવે, એ સર્વથા યોગ્ય જ છે. એમણે જે રાષ્ટ્રોપયોગી રચનાત્મક કામનો સંદેશ અથવા કાર્યક્રમ પૂરો પાડ્યો છે એ કાર્યક્રમનો અમલ કરવા તરફ સૌનું ધ્યાન રહેવું જોઈએ. એ જ એમનું મોટામાં મોટું સન્માન અને સૌથી મોટી અંજલિ થઈ રહેશે. દેશની જે દીનતા, દરિદ્રતા અને અજ્ઞાનતાએ એમને સંવેદનશીલ બનાવ્યા અને કર્તવ્યક્ષેત્રમાં પ્રેરિત કર્યા તે દીનતા, દરિદ્રતા અને અજ્ઞાનતાનો અંત હજુ આવ્યો છે એવું નહિ કહી શકાય. તેને માટે મહર્ષિ દયાનંદ પ્રત્યે પ્રેમ અને આદર રાખનાર પ્રત્યેકે રચનાત્મક કામમાં લાગી જવાની આવશ્યકતા છે. સમાજના ઉત્કર્ષને માટે પોતપોતાના ક્ષેત્રમાં રહીને પોતપોતાની શક્તિ પ્રમાણે સૌએ સંયુક્ત રીતે કામ કરવાની આવશ્યકતા છે. દેશને આજે મોટામાં મોટી જરૂર સંપની, પારસ્પરિક સહકારની અને સેવાભાવની છે. એમનો આશ્રય લઈશું તો દેશની અંદરના અને બહારના ભયસ્થાનો અને અનિષ્ટો સામે સફળતાપૂર્વક ઝઝૂમી શકીશું, સમૃદ્ધ, શક્તિશાળી અને સુખી થઈ શકીશું, તથા મહર્ષિ દયાનંદ જેવા



પ્રતાપી મહાપુરુષના આત્માને પણ સંતોષ આપી શકીશું.

જે જમાનામાં મહર્ષિ દયાનંદનો જન્મ થયો એ જમાનો જુદો હતો. એ વખતના સંજોગો જુદા હતા. આજે સંજોગો જુદા છે. જમાનો બદલાયો છે અને ઝડપથી બદલાતો જાય છે. આજે એ મહાપુરુષ હોત તો શું કરત એ પ્રશ્ન ખરેખર વિચારણીય છે. દરેક મહાપુરુષની વિચારશક્તિ અને કાર્યપદ્ધતિ પર એના વખતની બહુવિધ પરિસ્થિતિની અસર પડતી હોય છે. દયાનંદના જીવનકાળ દરમિયાન ભારત પરાધીન દેશ હતો. આજે એ પરાધીનતાનો અંત આવ્યો છે, અને ભારતવર્ષના આધ્યાત્મિક આકાશમાં સ્વામી વિવેકાનંદ, રામતીર્થ, યોગાનંદ, રમણ મહર્ષિ, અરવિંદ અને મહાત્મા ગાંધી જેવા જાજવલ્યમાન નક્ષત્રોએ પોતાનો ચિરંજીવ પ્રેરણાત્મક પ્રકાશ વહેતો કર્યો છે. આ સંજોગોમાં દયાનંદનું પુનરાગમન અવશ્ય આશીર્વાદરૂપ થઈ પડત. સ્વામી વિવેકાનંદના ઉદ્‌ગારો સાથે એ જરૂર સંમત થાત કે હું જૂનાનો ઉચ્છેદ કરવા માટે નથી આવ્યો, પરંતુ એના સુધાર માટે આવ્યો છું, વિસંવાદ નહિ કિંતુ સંવાદ, અને નાશ નહિ કિન્તુ નવનિર્માણ જ આવકારદાયક અને આવશ્યક છે. બદલાયેલા સંજોગોમાં એ મૂર્તિ અથવા મૂર્તિપૂજાનો વિરોધ કરત કે કેમ એ એક પ્રશ્ન છે. મને લાગે છે કે એ એનો વિરોધ ના કરત, પરંતુ એની મર્યાદા અને બદીઓ પ્રત્યે ધ્યાન દોરત. હિંદુ ધર્મ અને દેશના પ્રેમનું એ એક આદર્શ પ્રતીક તો હોત જ. એમની દ્વારા દેશ અને દુનિયાનું ભારે કલ્યાણ થાત. એ પોતે અવતારવાદમાં નહોતા માનતા, છતાં પણ મારી સાથે જરૂર સંમત થાત કે દેશને સંજીવન આપવા આવેલા એ એક મહાન અવતારી પુરુષ હતા. એમની પાસે શંકર જેવું સૂક્ષ્મ મસ્તિષ્ક હતું, બુદ્ધ જેવું કરુણાસભર દિલ હતું, અને લોકહિતાર્થે દધીચિ

જેમ સર્વસમર્પણની ભાવનાથી ભરેલું જીવન હતું. એમનાથી એ લેશ પણ અલ્પ નહોતા. એ ગુજરાતી હતા માટે ગુજરાતી તરીકે હું એમની આવી પ્રશસ્તિ કરું છું એવું ના માનતા. એ પ્રશસ્તિ કરતાંયે વિશેષ પ્રશસ્તિને લાયક હતા, અને હું તો એક ગુણદર્શી તટસ્થ વ્યક્તિ તરીકે એનો આછોપાતળો છતાં સાચો પડઘો જ પાડી રહ્યો છું.

એમના મહાન વ્યક્તિત્વને નજર સામે રાખીને, એમને અંજલિ આપવા માટે, અંદરઅંદરની ફાટફૂટનો ત્યાગ કરી, સૌએ હિંદુરૂપે એક થવાની જરૂર છે. અંદરઅંદરના મતભેદોએ અને એમાંથી ઉત્પન્ન થયેલા વૈમનસ્યે જેટલું નુકશાન કર્યું છે એટલું બીજા કોઈએ નથી કર્યું. ઉપરાંત, સેવાભાવને જગાવવાની અને વધારવાની પણ આવશ્યકતા છે.

कृण्वंतो विश्वमार्यम् કહીને વેદે સમસ્ત સૃષ્ટિને આર્યત્વથી ભરી દેવાનો અથવા સુસંસ્કૃત બનાવવાનો સંદેશ આપ્યો છે, પરંતુ એ સંદેશ સફળ ક્યારે થાય ? જ્યારે પ્રજા પોતે જ સાચા અર્થમાં આર્ય બને ત્યારે. ત્યારે જ એની છાપ બીજા પર પડી શકે. એને માટે અનાર્યત્વની બધી જ નાનીમોટી નિશાનીઓ પ્રજાએ પોતાના વ્યક્તિગત અને સમષ્ટિગત જીવનમાંથી દૂર કરવી જોઈએ. એટલે કે પ્રજાએ પોતે આદર્શ બનવું જોઈએ. ત્યારે જ એની અંદર બળ આવી શકે અને એનું જીવન બીજાને માટે અનુકરણીય બની શકે. ભારતવર્ષની જનતા પોતાના જીવનવ્યવહારમાં આદર્શ છે ખરી ? નીતિ, સદાચાર અથવા માનવતાનાં મૂલ્યોને એ વળગી રહી છે ? એનો ઉત્તર દેશનું નિરીક્ષણ કરનાર સહેલાઈથી આપી શકે છે. એટલે પ્રજા પોતે સુસંસ્કૃત બનવાનો પ્રયાસ કરે એ અત્યંત આવશ્યક છે.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ સ્વામી શિવાનંદજી ॥

શિવાનંદ આશ્રમ, હૃષીકેશ. હૃષીકેશની પુરાણપ્રસિદ્ધ ભૂમિમાં, સ્વર્ગાશ્રમના શાંત અને સુંદર વાતાવરણમાં, ગંગાના પવિત્ર તટ પર આવેલો એ આશ્રમ આજે સૂનો છે. અથવા તો કહો કે ખિન્ન કે વિષાદમગ્ન છે, કેમ કે એ આશ્રમના અધિષ્ઠાતા દેવતા સ્વામી શિવાનંદજીનો દેહવિલય થયો છે. તારીખ ૧૪ જુલાઈની રાતે એમનું શરીર છૂટી ગયું છે. સ્વામીજીના દેશ તેમ જ વિદેશમાં વસતા અસંખ્ય અનુયાયીઓ, ભક્તો, પ્રેમીજનો અને પ્રશંસકોને માટે એ સમાચાર ભારે મર્મઘાતક કે દુઃખદ ગણાય. એમના દેહવિલયથી હજારોએ પોતાના પ્રેરક અને પથદર્શક ખોયા છે તેમ જ હજારોએ પોતાના શાંતિદાતા સદ્‌ગુરુની છત્રછાયા ગુમાવી દીધી છે.

ભારતમાં છેલ્લાં સો વર્ષોમાં જે આધ્યાત્મિક અથવા તો સાંસ્કૃતિક નવનિર્માણ શરૂ થયું, તેમાં જે અસાધારણ પ્રતિભાસંપન્ન મહાપુરુષોનો આવિર્ભાવ થયો, તેમાંના સ્વામી શિવાનંદ એક હતા. ભારતીય સાધના કે સંસ્કૃતિના એ એક જ્વલંત જ્યોતિર્ધર હતા. વરસો સુધી એમણે એકાંતમાં રહીને સાધના કરી, અને એ પછી આશ્રમ, માસિક તેમ જ પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ દ્વારા લોકોની સેવાના યજ્ઞમાં ફાળો આપ્યો. ભારતમાં ને ભારતની બહાર એક વર્ગ એવો હતો કે જે અંગ્રેજી ભાષામાં જ વાંચવા-વિચારવા ટેવાયેલો હતો. એ વર્ગને તર્કબદ્ધ શૈલીમાં ભારતના પ્રાચીન જ્ઞાન ને યોગસાધનાની આધુનિક આવૃત્તિ પૂરી પાડી, અને એ વર્ગને ધર્મ ને તત્ત્વજ્ઞાનમાં રસ લેતો કર્યો. એમની એ સેવા કાંઈ ઓછી નથી. તે ઉપરાંત હિમાલયના વિલુપ્ત થતા જતા મહિમાને તાજો કરીને, વરસો સુધી એ એનું

મુખ્ય આકર્ષણકેન્દ્ર બની રહ્યા. સુદૃઢ સ્વસ્થ શરીર, શાંત, પ્રસન્ન ને પ્રકાશમય મુખમુદ્રા, ઉત્કટ સેવાભાવ, નમ્રતા ને અગાધ અનુકંપા, તથા ઉત્તમોત્તમ દાર્શનિક મેધાથી સંપન્ન એ મહાપુરુષ દેશ તેમજ દુનિયાની એક મૂલ્યવાન મૂડીરૂપ હતા એમાં સંશય નહિ. એમને જોનાર એમના પ્રભાવમાં આવ્યા વિના રહેતું નહિ; અને એમના સહવાસમાં અવારનવાર આવનારને એમની વિલક્ષણતા કે વિશેષતાનો પરિચય થતો.

ઈ.સ.૧૯૪૧ના પ્રારંભમાં હૃષીકેશમાં મેં એમનું દર્શન કર્યું, તેમજ એમના આશ્રમમાં થોડા દિવસ નિવાસ કર્યો, ત્યારથી જ મને અસાધારણ વ્યક્તિત્વની ઝાંખી કરવાનો યોગ પ્રાપ્ત થયો હતો. એ પછી બે વર્ષ પછી મેં બીજીવાર એમના આશ્રમની મુલાકાત લીધી ત્યારે વિશ્વનાથ મંદિર તથા ધ્યાનના હૉલનું નિર્માણ થતું હતું. મને જોઈને સ્વામીજી દૂરથી મારી પાસે આવ્યા; અને મને એમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એથી મને અત્યંત આશ્ચર્ય થયું. પરંતુ એમાં આશ્ચર્ય જેવું કાંઈ જ ન હતું. સ્વામીજી કહેવા માગતા હતા કે જે વિશ્વનાથનું મંદિર પોતે બંધાવે છે તે વિશ્વનાથ સૌની અંદર રહેલા છે એમ માનીને પોતે પ્રણામ કરી રહ્યા છે. વરસો વીતી ગયાં છે. પરંતુ એ પ્રસંગમાં નીતરતી સ્વામીજીની નમ્રતા હું આજે પણ નથી ભૂલી શક્યો. એવી નમ્રતા ને સમજ કોઈ વિરલ આત્મદર્શક પુરુષમાં જ હોઈ શકે.

ફરીવાર હું એમની પાસે નેપાળના રાજકુમાર સાથે ગયો હતો ત્યારે મને એમના સ્વભાવનું એક બીજું જ પાસુ જોવા મળ્યું. થોડીક યોગ તથા તત્ત્વજ્ઞાનની વાતો કર્યા પછી સ્વામીજીએ રાજકુમારને કહ્યું :'વાતો તો પૂરી થઈ. અને બાકી હશે તો થશે. પરંતુ તમે આશ્રમને શું આપવા ધારો છો ? આશ્રમ તમારા જેવાના સહયોગથી જ ચાલે છે.'



રાજકુમારે કહ્યું કે 'હજી હમણાં તો મદદ આપી છે.' તો સ્વામીજી બોલ્યા : 'તે તો ભૂતકાળ થયો. પરંતુ હવે વર્તમાનકાળનું શું ? દરેક વખતે કાંઈ ને કાંઈ મદદ આપવી જ જોઈએ. તમે નથી જોતા કે આશ્રમમાં કેટલી બધી લોકોપયોગી પ્રવૃત્તિઓ થઈ રહી છે ? તે પ્રવૃત્તિઓમાં તમે મદદરૂપ ના થાવ તો તમારું ધન શું કામનું છે ? મારે માટે તો મારે કશું લેવાનું નથી !'

છેવટે રાજકુમારને મદદ આપવા તૈયાર થવું પડ્યું.

*

આ પૃથ્વી પર એવા લોકોત્તર આત્માઓ કોઈ ધન્ય તથા વિરલ કાળે ને વિરલ સ્થળે પ્રકટ થાય છે. એમના દેહવિલયનો શોક કરવાનો ના હોય. એ તો મૃત્યુંજય છે. જીવન દ્વારા માનવતાનાં જે મૂલ્યો અને ઉચ્ચ જીવનના આદર્શોનો એ ઉપદેશ આપતા ગયા છે તે મૂલ્યો અને ઉચ્ચ જીવનના આદર્શોને જીવનમાં સાકાર કરવાનો પ્રયાસ કરીએ એ જ બરાબર છે. એવી રીતે આપણે એમના પ્રેમના ઋણમાંથી મુક્ત થઈ શકીએ. બાકી મૃત્યુ તો અવશ્યંભાવિ છે. આ પંચમહાભૂતનું શરીર જેણે ધારણ કર્યું તેણે છોડવાનું જ છે. એ તો સૃષ્ટિનો એક સ્વાભાવિક ક્રમ છે. એ શરીરધારણને સાર્થક કરનારાં સત્કર્મો કરીએ એ જ ઉચિત છે.

આશ્રમમાં દેશપરદેશના શ્રેયાર્થી છે. સદાવ્રત છે. પ્રેસ છે, પુસ્તકાલય છે. યુનિવર્સિટી છે, દવાખાનું અને આંખની સારવારનું કેન્દ્ર છે, પરંતુ શિવાનંદજી નથી. ભારતના આધ્યાત્મિક આકાશનો એ તેજસ્વી તારો ખરી પડ્યો છે. ભારત એથી દીન બન્યું છે. આપણે એમને મૂક અંજલિ આપીને પ્રણામ કરીએ ! ઈશ્વરને પ્રાર્થીએ કે લોકસેવાના વ્રતધારી એવા સંતો દેશમાં વધારે ને વધારે પ્રમાણમાં પેદા થાય !

—શ્રી યોગેશ્વરજી

# ॥ મૌનીબાબા ॥

નગરની ધર્મપ્રેમી પ્રજામાં ઉત્સાહની નવી લહરી ફરી વળેલી. નગરમાં એક મૌનીબાબા પધારેલા. તે માત્ર દૂધ પર રહેતા, કેવળ કૌપીન પહેરતા, ને જાતજાતના ચમત્કારો કરી બતાવતા. અવકાશમાંથી હાથ હલાવીને જુદા જુદા પદાર્થો કાઢતા, મનની વાતોને જાણી લેતા, ભૂતભાવિનાં રહસ્યોનો ઉકેલ કરતા, અને રોગનિવારણ તથા દુઃખમુક્તિના આશીર્વાદ આપતા. લોકો મોટી સંખ્યામાં એમના દર્શને જતા. મૌનીબાબા આવશ્યકતાને અનુસરીને કોઈ વાર સંકેત અથવા અભિનય દ્વારા તો કોઈવાર લખીને વાત કરતા. ભાવિક લોકો એમના અનુભવના આધાર પર જાહેર કરતા કે આવા પરમપ્રતાપી સમર્થ મહાપુરુષ અમારા અત્યાર સુધીના જીવનમાં અમે કદાપિ, ક્યાંય નથી જોયા. આ તો સાક્ષાત્ ઈશ્વર છે.

એ નગરમાં એ દિવસોમાં મારા પ્રવચનો ચાલતાં હોવાથી થોડાક ભાવિક ભક્તોએ મારી પાસે આવીને મૌનીબાબાની પ્રશંસા કરીને મને એમના દર્શન માટે આવવાનો આગ્રહ કર્યો. મેં એમના અનોખા ઉત્સાહને માટે એમને અભિનંદન આપીને જણાવ્યું કે હમણાં તો અનુકૂળતા ઓછી છે એટલે આગળ પર અનુકૂળતા હશે તો જોઈશું.

શાસ્ત્રો તથા સંતો કહે છે કે બહારની નાનીમોટી સિદ્ધિઓ માનવનું કલ્યાણ નથી કરી શકતી. માનવનું વાસ્તવિક કલ્યાણ કરનારી સૌથી મોટી સાચી સિદ્ધિ આત્મસિદ્ધિ છે. તો પણ મોટા ભાગના માનવો બહારની સિદ્ધિઓથી પ્રભાવિત બને છે ને મોહાય છે. મૌનીબાબાથી પણ પ્રજા એટલી બધી પ્રભાવિત થઈ કે વાત નહિ. એમની સિદ્ધિઓની વાતો સાંભળીને આજુબાજુનાં નગરો ને ગામોની જનતા એમના દર્શન માટે ઉમટવા લાગી. જનતાએ અભૂતપૂર્વ ઉલ્લાસનો પરિચય કરાવ્યો.



એ ઉલ્લાસ એકાએક એટલા માટે ઓસરી ગયોકે મૌનીબાબા માંદા પડ્યા. સાધારણ તાવ, પેટના દુખાવામાંથી શરૂ થયેલી એમની બીમારી છ સાત દિવસમાં તો એટલી બધી વધી ગઈ કે આખરે એમને હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા. એક શ્રીમંત સેવાભાવી ભક્તિશાળી કુટુંબ એમની સેવામાં ખાસ રોકાયું. એ કુટુંબ એમના પ્રત્યે અસાધારણ આદરભાવ રાખતું.

મૌનીબાબાની વધારે પડતી બાહ્ય મુલાકાતો બંધ થઈ. લોકો કહેવા લાગ્યા કે જે બીજાના રોગોને મટાડી શકે છે તે કદી બીમાર પડી શકે ? આ તો એમની લીલા છે. એક પ્રકારનો અભિનય. એમણે કોઈક શ્રદ્ધાભક્તિસંપન્ન ભક્તની બીમારી લઈ લીધી લાગે છે.

એ છે જ દયાળુ. ભક્તવત્સલ.

સંતો એવી રીતે બીજાની બીમારી લઈ શકે છે. એમની લીલા સામાન્ય માનવો ના સમજી શકે તેવી, ખૂબ જ ગહન હોય છે.

એમણે જુદાજુદા ભક્તોને રોગમુક્ત કરવા એમના રોગોને એક સાથે જ લઈ લીધા લાગે છે.

આપણે સામાન્ય આત્માઓ એમના મહિમાને શી રીતે સમજી શકીએ ? સમજવાની આવશ્યકતા પણ શી છે ? આપણે તો જે થાય તે કેવળ જોવાનું જ રહ્યું.

એમને આગળ પર કેટલીક અવનવી ઘટનાઓ જોવાની હતી એની કલ્પના પણ ક્યાંથી આવી શકે ?

એકાદ મહિનાની માંદગી પછી મૌનીબાબા સાજા થયા એટલે ભક્તોએ ઉત્સવ કરીને એ પાવન પ્રસંગને વધાવી લીધો. મૌનીબાબા હૉસ્પિટલમાંથી બહાર આવ્યા એટલે દર્શનાર્થીઓની અને આશીર્વાદની અપેક્ષા રાખનારાની ભીડ જામી.

માનવમહેરામણ ઉમટવા માંડ્યો.

લોકોએ કહ્યું કે એવા સિદ્ધપુરુષને કશું જ ના થાય. કાળ

એમને એમની અનુમતિ સિવાય સ્પર્શી પણ ના શકે.

પરંતુ..બે ચાર દિવસ પછી બનેલી એક ઘટનાએ એમનામાંના અનેકને વિચાર કરતા કરી મૂક્યા. મૌનીબાબાએ પોતાની સેવા કરનારા શ્રદ્ધાભક્તિસંપન્ન પરિવારની એક સુશિક્ષિત કન્યા સાથે સ્નેહલગ્ન કર્યું. કેટલાક તો એ સમાચારને સાચા માનવા તૈયાર ના થયા. પરંતુ તપાસ કરવાથી એ સાચા જણાયા. કોઈએ જણાવ્યું કે એવા સિદ્ધપુરુષ તો એમની ઈચ્છાનુસાર બધી જાતના અભિનયો કર્યા કરે. લગ્ન કરે તો પણ અલિપ્ત રહે. એ આપણી શ્રદ્ધાભક્તિની એવી રીતે કસોટી કરતા હશે. એ લગ્ન કરે એમાં આપણે શું ?

કોઈએ કહ્યું કે એ તો માયામાં પડ્યા.પતન પામ્યા. ત્યાગી સંતપુરુષો લગ્ન કરશે તો ત્યાગનો મહિમા શી રીતે સચવાશે ? એમણે એમના ઉચ્ચ આદર્શોને ગમે તે ભોગે વળગી રહેવું જોઈએ. એમાં કશી બાંધછોડ ના કરવી જોઈએ.

ગમે તેમ પણ લગ્ન પછી મૌનીબાબાના બાહ્ય રૂપરંગમાં ફેર પડ્યો. એમણે મૌન મૂકી દીધું. કોટપાટલૂન પહેરવા માંડ્યાં, પેલી કન્યાને ત્યાં ઘરજમાઈ બનીને રહેવા માંડ્યું, ધ્યાન તથા સ્વાધ્યાયનો ત્યાગ કર્યો, અને સ્ત્રીમાં આસક્ત બનીને એને માટે જ જીવવા માંડ્યું. એ પણ અધૂરા રહેલા કર્મસંસ્કાર અથવા શેષ રહેલી વાસનાના ઉપભોગની ભૂમિકા હતી. લગ્ન કર્યા પછી એમના જીવનવ્યવહારમાં ફેર પડ્યો અને એમની આત્મનિષ્ઠા બદલાઈ ગઈ એ આવકારદાયક તો નહોતું જ.

એમના ભક્તો અથવા અનુયાયીઓના બે ભાગ પડી ગયા. મોટા ભાગના ભક્તો અથવા અનુયાયીઓ એમના વિરોધી બન્યા.

ચારેક મહિના પછી મારે એ નગરમાં ફરીવાર જવાનું થયું ત્યારે મૌનીબાબા વધારે મોહમગ્ન બની ગયેલા. પેલી કન્યા-એમની સ્ત્રી એક દિવસ મને અચાનક મળી ગઈ. થોડીક ઉપલક



વાતો કર્યા પછી એણે મને પૂછ્યું : 'તમે અમને ધિક્કારતા નથી ?'

'ના...જરાય નહિ.' મેં ઉત્તર આપ્યો. 'લગ્ન કોઈ ધિક્કારવા જેવી ઘટના નથી. પરંતુ મારે તમને એક અગત્યની સૂચના આપવાની છે. નારી નારાયણી છે. એ ઉક્તિને તમે સાર્થક કરો. મૌનીબાબા તમારી અંદર વધારે પડતા આસક્ત થઈને ધર્મકર્મને, જીવનના ઉચ્ચતમ આદર્શને ભૂલી ગયા છે. તમે એમને એનું સ્મરણ કરાવો, એના અનુષ્ઠાન માટેની પ્રેરણા પૂરી પાડો, તથા મોહમુક્ત કરો. એક આદર્શ સન્નારી તરીકે એના જેવી સર્વોત્તમ સેવા બીજી કોઈયે નહિ હોય. એ ગૃહસ્થી તરીકે ભલે રહે, પણ સંત તરીકે મરી પરવારે નહિ એનું ધ્યાન રાખો.'

મારા ઉદ્‌ગારોની અસર એમના પર અસાધારણ થઈ. એમણે એને માટે બાંયધરી આપીને જણાવ્યું : 'મારાથી બનતો પ્રયત્ન હું જરૂર કરીશ. મારી સફળતા માટે તમારા આશીર્વાદ માગું છું.'

'એને માગવાની જરૂર નથી. એ તો છે જ.'

મને નિરાંત થઈ. બે ત્રણ વરસના ગાળામાં તો એ સન્નારીએ જપ, ધ્યાન, સત્સંગ, સ્વાધ્યાયમાં વિશેષ રુચિ દ્વારા મૌનીબાબામાં પવિત્ર પરિવર્તન પ્રારંભ્યું : એ સાંભળીને મને આનંદ થયો. મેં એમને અભિનંદન આપ્યાં. એમણે સંકોચ સાથે કહ્યું : 'હજુ અભિનંદનને વાર છે.'

મેં જણાવ્યું : 'જાણું છું. પણ આ તો શરૂઆત છે.'

સ્ત્રી-એક સન્નારી ધારે તો શું ના કરી શકે ? એ નારાયણી છે. અસાધારણ શક્તિશાળી છે. એ દેવી બને તો બીજાને દૈવી બનાવી શકે. તરવાનો પ્રયત્ન કરીને તારી શકે. મૌનીબાબાનો દેહ બદલાયો છે કિન્તુ આત્મા પાછો આવ્યો છે.

—શ્રી યોગેશ્વરજી

## ॥ ધરમપુરના મહાત્મા ॥

વાત ઈ.સ.૧૯૬૬ની છે, છતાં આજે પણ એટલી જ તાજી લાગે એવી છે.

તે દિવસોમાં હું સીમલા હીલ્સમાં આવેલા ધરમપુરમાં રહેતો. એક શેઠને ત્યાં મારો ઉતારો. તે શેઠ ક્ષયરોગથી પીડાતા અને એથી જ ધરમપુરના ટી.બી. સૅનેટોરિયમમાં દાખલ થયા હતા. તેમણે ધરમપુરથી થોડે દૂર 'ચેલ'માં રહેતા એક મહાત્મા વિશે સાંભળ્યું, એટલે એમના આશીર્વાદ લેવાની એમને ઇચ્છા થઈ. પોતાના રસોઈયાને એમણે ચેલના મહાત્મા પાસે જવા તૈયાર કર્યો. રસોઈયો એ પ્રદેશનો ભોમિયો હતો. એની સાથે જવા શેઠે મને પણ આગ્રહ કર્યો, એટલે હું પણ ચેલની મુસાફરી કરવા તૈયાર થયો. ધરમપુરથી કંડાઘાટ સુધી રેલ્વે, ને કંડાઘાટથી ચેલ સુધી મોટર, તથા ચેલથી પાછું ચારેક માઈલ પગરસ્તે ચાલીને એક પર્વતીય ગામમાં જઈએ ત્યારે એ મહાત્મા પાસે પહોંચી શકાય.

જરૂરી તૈયારી કરી અમે બંને સ્ટેશને ગયા. ધરમપુરનું સ્ટેશન સાવ નાનું હતું. વહેલી સવારનો ટાઈમ એટલે માણસો સારી સંખ્યામાં હતા. પ્લૅટફૉર્મ આખું માણસોથી ભરાઈ ગયું હતું. ટ્રેન આવવાને થોડો જ વખત બાકી હતો, એટલે અમે એક ઠેકાણે ઊભા રહ્યા. ત્યાં તો મારી નજર પ્લૅટફૉર્મના બીજા છેડા પર પડી. ત્યાં એક ભગવાં વસ્ત્રધારી સાધુ સિગારેટ પીતાં પીતાં તથા ગાંડાની જેમ બકવાદ કરતા, આમથી તેમ આંટા મારતો હતો. માથે મુંડન હતું. મારી પાસે ઊભેલા રસોઈયાનું ધ્યાન મેં એની તરફ ખેંચ્યું તો એણે કહ્યું : 'મહારાજ, વહ તો સી.આઈ.ડી. કા આદમી હૈ. ઉસે સાધુ નહિ માનના, વૈસે સ્વાંગધારી સાધુ તો આજકલ બહુત ફિરતે હૈં.'



લોકો પણ એ સાધુ તરફ કાંઈક વિસ્મય ને કાંઈક તિરસ્કારની નજરે જોતા હતા.

એટલીવારમાં તો ટ્રેન આવી પહોંચી. લોકો બધાં દોડાદોડ કરવા લાગ્યા. સ્ટેશન નાનું ને ટ્રેન થોડો વખત જ ઊભી રહે, એટલે જગ્યા માટે પડાપડી થવા લાગી. જગ્યા મળવી મુશ્કેલ હતી તો પણ અમે જેમતેમ કરીને ડબામાં ગોઠવાઈ ગયા. બેસવાની જગ્યા ન મળી તેથી અમે બારી પાસે જ ઊભા રહ્યા.

એ જ વખતે પેલો ભગવાંધારી સાધુ અમારા ડબા આગળ ઝડપથી ચાલતો આવી પહોંચ્યો. બારી આગળ આવીને એણે સિગારેટ નીચે ફેંકી દીધી, ઝભ્ભાના ખીસ્સામાંથી રૂમાલ કાઢી મોં સાફ કર્યું અને પછી લાંબા વખતથી મને ઓળખતો હોય તેમ, મોં મલકાવીને કહ્યું : 'ક્યોં, કહાં જાતે હો ?'

મને થયું કે પ્લૅટફૉર્મ પર ફરતી વખતે આ સાધુ કેટલો બધો ગાંડા જેવો દેખાતો હતો, ને અત્યારે કેવો ડાહ્યો દેખાય છે ? પરંતુ એને જવાબ આપવો શું બરાબર છે ? એક અજાણ્યા માણસ સાથે વાત કરવાથી શો ફાયદો ?

પરંતુ મારા પ્રત્યુત્તરની પરવા ન હોય એમ એ કહેવા માંડ્યો : 'મેં જાનતા હૂં કિ તુમ ચેલ જાતે હો. વહાં ક્યા રક્ખા હૈ ? ઠીક હૈ, સાધુ હૈ. લેકિન ઈતના આગે બઢા હુઆ નહિ. વહાં જાને સે કુછ ભી નહિ મિલેગા. વહ તુમ્હેં કુછ ભી નહિ દે શકતા. ઉસસે તો તુમ દેવપ્રયાગ જાઓ. દેવપ્રયાગકે તુમ્હારે આશ્રમમેં વહાં રહ કર સાધના કરો. તુમ્હેં શાંતિ મિલેગી, ઔર જો ચાહોગે સો તુમ્હારે અંદરસે હી પ્રાપ્ત હોગા. સમજે બાબા ? મેરા માનો તો દેવપ્રયાગ હી જાઓ.'

એ વૃદ્ધ સાધુનાં વચન સાંભળી હું તો આશ્ચર્ય પામી ગયો. કેવો અસાધારણ સાધુ ? અમે ચેલના મહાત્મા પાસે જઈએ છીએ એ ખબર એને ક્યાંથી પડી ? એ તો ઠીક, પણ હું દેવપ્રયાગ રહું

છું ને ત્યાં મારો આશ્રમ છે, એ વાત પણ એણે ક્યાંથી જાણી ? ગજબની વાત છે. રસોઈયો પણ બધું સાંભળી આશ્ચર્યચકિત બની ગયો. મને થયું કે આપણે ચેલના મહાત્મા પાસે જઈએ છીએ, પરંતુ આપણી સામે જ, આ પ્લૅટફૉર્મ પર, એક ઉત્તમ કોટીના મહાત્મા પુરુષ ઊભા રહ્યા છે. એમનો લાભ લઈએ તો જીવન ધન્ય બની જાય. આવા મહાત્મા પુરુષ જ્યારે ત્યારે ને જેને તેને નથી મળતા. અરે, એમની સંખ્યા જ કેટલી બધી ઓછી હોય છે.

પરંતુ ત્યાં ટ્રેન ઉપડી. સાધુપુરુષે મારી સામે જોઈ સ્મિત કરીને કહ્યું :

'અચ્છા આના.'

ચેલથી પાછા ફર્યા બાદ રસોઈયાએ ઘણી તપાસ કરી, પણ એ વૃદ્ધ સાધુપુરુષ ન મળ્યા. આવી લોકોત્તર શક્તિવાળા સાધુને પોતે સી.આઈ.ડી. માન્યા તે બદલ એને અફસોસ થયો. પણ હવે શું થાય ? કહ્યું છે ને; 'ગઈ પળ પાછી ના આવે, મૂરખ, મૂઢ, ગમાર.'

ભારતમાં લોકો સહેલાઈથી ઓળખી શકે એવા ગુપ્ત રૂપમાં, આવા કેટકેટલા મહાપુરુષો ચીંથરે બાંધ્યા રતનની જેમ રહેતા હશે તેની ચોક્કસ માહિતી કોણ આપી શકે તેમ છે ? કોઈ ધન્ય ક્ષણે તેમના સત્સંગ કે દર્શનનો લાભ મળી જાય છે ત્યારે હૃદય નાચીને બોલી ઊઠે છે : 'જડવાદ તરફ ઢળતા જતા આવા ઘોર કાળમાં પણ આ દેશમાં આવા શક્તિશાળી મહાપુરુષો જીવે છે ખરા. ધન્ય છે ભારતની આધ્યાત્મિકતાને ! આવા પુરુષો આ દેશમાં પ્રગટ થાય છે ત્યાં સુધી દેશનું અને દુનિયાનું ભાવિ ઊજળું છે.'

—શ્રી યોગેશ્વરજી



# ॥ સ્વામી રામતીર્થ ॥

છેલ્લાં સો જેટલાં વર્ષોની અંદર ભારતવર્ષે જે લોકોત્તર વિરાટ વિભૂતિઓનું દાન કર્યું, તેમાંના એક મહાપ્રતાપી મહાપુરુષ, બુદ્ધિની તીક્ષ્ણતામાં જે શંકરાચાર્યની બરોબરી કરી શકે, હૃદયની કરુણા કે કોમળતામાં ઈશુ સાથે બેસી શકે અને વિરક્તિમાં જે શુકદેવ દત્તાત્રેય કે અષ્ટાવક્રની સરખામણીમાં ઊભા રહી શકે તેવા ભારતના છેલ્લા સો વરસના સાંસ્કૃતિક અથવા આધ્યાત્મિક ઈતિહાસમાં જેમનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું છે, તે ભારતના બે સમકાલીન મહાપુરુષો, વિવેકાનંદ અને રામતીર્થ બન્ને પોતપોતાની રીતે અસાધારણ. પોતપોતાની વિશેષ પ્રતિભાથી સંપન્ન તેઓ એકવાર લાહોરમાં ભેગા થઈ ગયા.

એ વખતે સ્વામી વિવેકાનંદ અમેરિકા ને ઈંગ્લૅન્ડમાં, ભારતીય ધર્મ ને તત્ત્વજ્ઞાનનો વિજયધ્વજ ફરકાવીને, ભારતમાં તાજા જ પાછા ફર્યા હતા. લોકો એમને માનપત્ર આપતા'તા. અને સંસ્થાઓ એમનું અપૂર્વ સ્વાગત કરતી'તી. લાહોરમાં પણ એમનું પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું. લોકોની મેદની એ વેદાંતકેસરીની વાણી સાંભળવા ભેગી થઈ હતી. રામતીર્થ પણ એ સંમેલનમાં સામેલ થયા હતા. એ વખતે એ સ્વામી રામતીર્થ ન હતા, પરંતુ તીર્થરામ હતા. લાહોરની કૉલેજના મેથેમેટીકસના પ્રૉફેસર હોવા છતાં એ અવારનવાર હરદ્વાર ને ઋષિકેશની મુલાકાત લેતા, અને આત્મિક વિકાસ કર્યે જતા.

વિવેકાનંદની વાણી સાંભળીને એ આનંદ પામ્યા. ઝવેરીએ હીરાને ઓળખ્યો, પરંતુ રામતીર્થ પોતે પણ કયાં હીરા જેવા ન હતા ? વિવેકાનંદે એમના આત્માને ઓળખી લીધો. 'ઉચ્ચોચ્ચ

આત્મા !' એમણે ઉદ્‌ગાર કાઢ્યા.

રામતીર્થે વિવેકાનંદને ઘડિયાળની ભેટ આપી. વિવેકાનંદે તે લેવાની ના પાડી. જેમ તેમ કરીને એમણે એમને સમજાવ્યા અને કહ્યું, 'તમારી પાસે ઘડિયાળ છે તે મારી પાસે જ છે ને ? આપણા બંનેમાં કયાં કાંઈ ભેદ છે ? હું રાખું તેના કરતાં તમે જ સાચવો તે સારું છે.'

તીર્થરામ માની ગયા પરંતુ વિવેકાનંદના ત્યાગ, જ્ઞાન, નિર્મળ ચારિત્ર્યની એમના પર ઘણી ભારે અસર થઈ. દેશ માટે કાંઈ કરી છૂટવાની, ને સૌથી પહેલાં તો એકાંતવાસનું સેવન કરવાની એમને ભાવના થઈ.

એ ભાવનાથી તીર્થરામે પ્રૉફેસરપદ છોડી દીધું તીર્થરામમાંથી એ રામતીર્થ થયા. હિમાલયની વસિષ્ઠ ગુફા તથા ટિહરીના જંગલોમાં રહી આકરી તપશ્ચર્યા કરી એમણે શાંતિ મેળવી. તે પછી, પરમાનંદ ને પરમ શાંતિની મૂર્તિ બનીને, ભારતની બહાર પ્રયાણ કર્યું.

અમેરિકા એમની પાછળ ગાંડું બન્યું. ભગવાં વસ્ત્રધારી સ્વામી રામતીર્થને જોવા તથા સાંભળવા લોકોના ટોળેટોળાં આવવા માંડ્યાં. હરખઘેલા લોકો એમના અદ્‌ભુત વ્યક્તિત્વથી ચકિત થઈને એમને ઈશુ ખ્રિસ્તની સાથે સરખાવવા માંડ્યા. વાહ રે, પ્રારબ્ધ ! રામતીર્થનો બધે વિજયડંકો વાગી ગયો.

અમેરિકાના એ વખતના પ્રમુખ કોણ હતા, તે જાણો છો ? રૂઝવેલ્ટ, રૂઝવેલ્ટે એમની ખ્યાતિ સાંભળી, અને રામતીર્થ સાથે મુલાકાત ગોઠવી. એ મુલાકાતથી, રૂઝવેલ્ટને ઘણો આનંદ થયો કેટલીય શંકાઓનું સમાધાન થઈ ગયું. ભારતમાં આવા મહાપુરુષો વસે છે એ જાણીને ભારત પ્રત્યે એમનું માન વધી ગયું.



'હું તમારી શી સેવા કરું ?' એમણે પૂછ્યું, 'તમે જે ફરમાવો તે સેવા કરવા તૈયાર છું.'

કોઈ સાધારણ પુરુષ હોત તો અમેરિકામાં એકાદ આશ્રમ બંધાવી લેત, અથવા તો ધન-ભંડારની માગણી કરત. પરંતુ રામતીર્થ એવી કાચી માટીના ન હતા. દેશના દુઃખો દૂર કરવાની લાગણીથી એમનું હૃદય ભરપૂર હતું, દેશ પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈ તો એ પરદેશ ગયા હતા. એ તરત બોલ્યા.

'સેવા કરવાની સાચી ભાવના હોય, તો ભારત જેવા ગરીબ દેશના વિદ્યાર્થી અહીં મફત ભણી શકે તે માટે સ્કૉલરશિપની વ્યવસ્થા કરો.'

પ્રમુખ રૂઝવેલ્ટે એ માટેની વ્યવસ્થા કરી. રામતીર્થ તથા ભારત માટેનું એમનું માન અનેકગણું વધી ગયું. રામતીર્થને એ અત્યંત પૂજ્યભાવથી જોવા લાગ્યા.

ઈતિહાસ જાણે છે કે ભારતની સ્વાતંત્ર્ય લડતને સફળતા મળે એ માટે રૂઝવેલ્ટે પોતાની લાગવગ વાપરી હતી. ભારત પ્રત્યે એમને ભાવ હતો. એ ભાવનાં મૂળ સ્વામી રામતીર્થની મુલાકાત જેટલાં ઊંડા હતા.

સ્વામી રામતીર્થ અદ્વૈત વેદાંતના જીવતા જાગતા સ્વરૂપ સરખા હતા.

વેદાંતના સારરૂપ અભેદભાવના નશામાં એ હંમેશાં મસ્ત રહેતા.

જગતના નાના મોટા વિભિન્ન પદાર્થોમાં એ પરમાત્માનું દર્શન કરતા એટલું જ નહિ પણ સમસ્ત જગતને પરમાત્માના પ્રત્યક્ષ પ્રતીકરૂપે જોતા રહેતા. એવું એકત્વદર્શન કરવાનો એમનો સ્વભાવ પડી ગયેલો એમ કહીએ તો ચાલે.

એ પોતાને આત્મિક જગતના શહેનશાહ માનતા અને પોતાના નામ તરીકે પોતાનો પરિચય આપતા રામબાદશાહ લખતા.

બાદશાહને તો કાંઈ ચિંતા, વિષાદ, ભય, ભેદભાવના, રાગદ્વેષ અને અશાંતિ પણ હોય, પરંતુ એમને કોઈ અશાંતિ નહોતી. ચિંતા, વિષાદ, ભય, ભેદભાવ અને રાગ-દ્વેષથી એ કાયમને માટે પર હતા.

જે એમનું દર્શન કરતા અને એમના સુખદ, શાંતિમય, સ્વર્ગીય સહવાસનો લાભ લેતા તે ધન્ય બનતા એમના એકાદ વારના સંપર્કમાં આવનારની ઉપર પણ એમના જાદુઈ અસ્તિત્વની ચિરસ્થાયી અને અસાધારણ છાપ પડ્યા વિના રહેતી નહિ.

એમનું વેદાંત કેવળ વિચાર અથવા વાણી પૂરતું જ સીમિત નહોતું થયું પરંતુ એમના અણુએ અણુમાં ઓતપ્રોત બનીને વ્યવહારના પ્રત્યેક પાસામાં મૂર્તિમંત થયું હતું. એટલે જ એમના વ્યક્તિત્વમાં એક પ્રકારની વિદ્યુત શક્તિ હતી એ વિદ્યુત શક્તિનો પ્રભાવ લાગતા વળગતા બધા પર ઓછાવત્તા પ્રમાણમાં પડતો રહેતો.

એમના જીવનમાં સંમિશ્રિત થઈ ગયેલી અદ્વૈત વેદાંતની મસ્તીનો એક પ્રસંગ જાણવા જેવો છે. એના પરથી એમના અસાધારણ વ્યક્તિત્વની ઝાંખી થશે.

સ્વામી વિવેકાનંદને પગલે પગલે ચાલીને ભારતીય ધર્મ તત્ત્વજ્ઞાન ને સંસ્કૃતિનો સંદેશ પરદેશમાં પહોંચાડવા તથા તે દ્વારા ભારતના રાષ્ટ્રીય ગૌરવને વધારવા એ કટિબદ્ધ થયા.

તીર્થરામ પ્રૉફેસરમાંથી સ્વામી રામતીર્થ બનેલા એ યુવાન



સંન્યાસી પાસે ઉત્તમ પ્રકારની મેધા હતી. ઉદાત્ત લાગણી હતી ને પોતાના દેશવાસીઓ તથા બીજાને માટે કાંઈક કરી નાંખવાની તમન્ના અથવા કર્મયોગની ભાવના હતી.

એ ભારત છોડીને સ્ટીમરમાં બેસીને જ્યારે અમેરિકા પહોંચ્યા ત્યારે કોઈ ઓળખપત્ર નહોતા લઈ ગયા.

કોઈ ઠેકાણે પહેલેથી ઉતરવાનો નિર્ણય પણ એમણે નહોતો કર્યો.

ગીતાની ભાષામાં કહીએ તો સર્વ ભૂતસ્થમાત્માનં સર્વ ભૂતાનિ ચાત્મનિ ! એટલે કે આત્માની અંદર બધા જ જીવો અને સૌની અંદર રહેલા આત્માને જોતા અને અનુભવતા એ અમેરિકાના સમુદ્રતટ પર આવી પહોંચ્યા.

સ્ટીમરના મુસાફરો વારાફરતી સ્ટીમરમાંથી ઉતરવા લાગ્યા. એમના સ્નેહીઓ અને સ્વજનો એમને લેવા આવેલા. પરંતુ સ્વામી રામતીર્થ તો નીચે ઉતરવાની લેશ પણ ચિંતા કે ઈચ્છા ના હોય તેમ બેસી જ રહ્યા. એમને જરા પણ ઉતાવળ ન હતી. અસ્વસ્થતા ન હતી કે એમના વદન પર કોઈ જાતની વ્યગ્રતા પણ નહોતી દેખાતી.

એટલામાં તો સ્ટીમર પર પોતાના મિત્રો સાથીઓ અથવા સ્વજનોનો સત્કાર કરવા આવેલા માણસોમાંના એક સદ્‌ગૃહસ્થ રામતીર્થ પાસે આવીને એમને ધારીધારીને જોવા લાગ્યા, થોડાક વખત સુધી એવી રીતે જોયા પછી એમનાથી રહી ન શકાયું એટલે એ બોલ્યા,

‘તમારા પહેરવેશ પરથી લાગે છે કે તમે ભારતમાંથી આવો છો.’

રામતીર્થે માથું હલાવ્યું ને કહ્યું, ‘હા, હું ભારતમાંથી આવું છું.’

‘તમે અહીં ઉતરવાના છો ?’

‘હા.’

'તમને કોઈ લેવા માટે નથી આવ્યું ?'

'આવ્યું છે.'

'કોણ ? કોઈ દેખાતું તો નથી !'

'મને લેવા આવનાર આ રહ્યા.'

'ક્યાં ?'

'કેમ ? તમે જ મને લેવા માટે આવી પહોંચ્યા છો. હા, તમે જ.'

એવું કહીને રામતીર્થે એ અમેરિકન સદ્‌ગૃહસ્થની પીઠ પર હાથ મૂક્યો.

હાથ મૂકવાની સાથે જ પોતાના શરીરમાં જાણે કોઈ દૈવી વિદ્યુતશક્તિ દાખલ થઈ હોય એવો અનુભવ એ સદ્‌ગૃહસ્થને થવા માંડ્યો. એમનું અંતર આત્મીયતાથી ભરાઈ ગયું. એમણે ભારતના એ મહાન સપૂત સ્વામી રામતીર્થને પોતાને ત્યાં આવવાનું ને રહેવાનું આમંત્રણ આપ્યું.

રામતીર્થ એમના મહેમાન બન્યા. ધીરે ધીરે જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ રામતીર્થને માટેનો એમનો પ્રેમ અને પૂજ્ય ભાવ વધતો ગયો. એ રામતીર્થના ભક્ત અને શિષ્ય બન્યા.

અમેરિકાની પ્રજાને પોતાના અલૌકિક વ્યક્તિત્વથી આંજી નાખનાર કે મંત્રમુગ્ધ કરનાર રામતીર્થને લોકો જીવંત ઈશુ તરીકે ઓળખવા લાગ્યા.

એવો હતો એ મહાપુરુષનો આત્મભાવ.

એ હંમેશાં, જીવનની પ્રત્યેક પળે, જાણે કે વેદાંતમાં જ જીવતા હતા. શાંતિ પણ એવા વેદાંતથી જ મળે છે. કેવળ વાતોના નહિ પરંતુ વ્યવહારના.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ શાંભવી મુદ્રાની સિદ્ધિવાળા મહાત્મા ॥

હિમાલયમાં ઉત્તરખંડના સુપ્રસિદ્ધ તીર્થસ્થાન ઋષિકેશની મુલાકાત લેનાર મુસાફરોને ગંગાના સુંદર શાંત તટ પર વસેલા સ્વર્ગાશ્રમ તથા લક્ષ્મણઝુલાનું સ્મરણ સારી પેઠે હશે. લક્ષ્મણઝુલાથી આગળ વધી સ્વર્ગાશ્રમ તરફ જતાં જે એકાંત, શાંત માર્ગ આવે છે તે માર્ગ ખરેખર હૃદયંગમ છે. લીલીછમ પર્વતમાળાની વચ્ચેથી ગંગાના વિશાળ તટપ્રદેશ પરથી પસાર થતો એ માર્ગ અત્યંત આકર્ષક લાગે છે. એ માર્ગે ચાલતાં ચાલતાં થોડેક આગળ વધીએ એટલે માર્ગની એક બાજુએ એક વૃક્ષ આવે છે. એ વૃક્ષની નીચે એક તપસ્વી મહાત્મા પુરુષ બેઠા હોય છે, એમના પર દ્રષ્ટિ પડતાંવેંત પહેલાં તો પ્રશ્ન ઊઠે છે કે આ તે કોઈ જીવંત માનવ છે કે પથ્થરમાંથી કોરેલી કોઈ પ્રાચીનકાળની ધ્યાનસ્થ સુંદર શિલ્પમૂર્તિ ? એ પ્રશ્નના પ્રત્યુત્તર માટે તદ્દન નજદીક જઈને જોઈએ છીએ ત્યારે રહી સહી શંકા ટળી જાય છે ને પ્રતીતિ થાય છે કે આ તો કોઈ જીવંત ધ્યાનસ્થ મહાત્માની જ મંગલમયી મૂર્તિ છે. એ જીવંત પ્રતિમા એટલી સ્વસ્થ ને સ્થિર છે કે એની તદ્દન નજદીક ન જઈએ ત્યાં સુધી પ્રસ્તર પ્રતિમા હોય એવું જ લાગે.

એ મહાત્મા પુરુષનું દર્શન એકદમ અવનવું અથવા અનેરું છે. એમણે પદ્માસન કર્યું હોય છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં કહ્યા પ્રમાણે શરીરને ટટ્ટાર રાખીને એ બેસે છે અને એમની દ્રષ્ટિ બંને ભ્રમરની મધ્યમાં સ્થિર હોય છે. એમની અત્યંત તેજસ્વી, મોટી ને ખુલ્લી આંખ કાચની પૂતળી જેવી દેખાય છે. એ આંખ

જરાપણ હાલતી નથી કે એમની પલક પણ નથી પડતી. એ મહાત્મા પુરુષની આગળ નિરીક્ષણ કરતાં લાંબા વખત લગી ઊભા રહો તો પણ એમની એ અવસ્થામાં કશો ફેર નથી પડતો. એમનો શ્વાસ કે પ્રાણવાયુ તદ્દન થંભી ગયેલો લાગે છે, રસ્તેથી પસાર થતા યાત્રીઓ એ એકદમ કૃષકાય, જટાવાળા, આત્મલીન તપસ્વી પુરુષને જુએ છે કેટલાક એમને શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કરે છે, તો કેટલાક આશ્ચર્યચકિત થઈને થોડાક વખત સુધી એમની આગળ બેસે છે પણ ખરા. એમની આગળ એમણે પાથરેલા કપડામાં કેટલાક પૈસા પણ નાખે છે. એ મહાત્મા આજે વરસોથી રોજ નિયમિત રીતે દિવસના મોટા ભાગના વખત દરમિયાન એ જ સ્થળે, એ જ રીતે બેઠેલા જોવામાં આવે છે. એ કોઈની સામે જોતા નથી કે કોઈની સાથે વાત પણ નથી કરતા. પોતાની અંતરંગ આત્મિક સાધનાના આનંદમાં ડૂબેલા રહીને પોતાના જીવનનો સોનેરી સમય એ શાંતિપૂર્વક પૂરો કરે છે. એમની અંતરંગ ભૂમિકા કેટલી ઊંચી હશે એ સંબંધી તો માત્ર અનુમાન કરવાનું જ શેષ રહે છે, પરંતુ એમના સર્વ સુલભ, અહંકારરહિત, બહારના દેખાવ પરથી એટલું તો અવશ્ય સમજી શકાય છે કે એમણે આસનસિદ્ધિ કરેલી છે, પ્રાણાયામનો ઊંડો અભ્યાસ કરેલો છે અને ધ્યાન પર એમનો ઘણો જ સારો કાબુ છે. ઉપરાંત, યોગમાં જેને શાંભવી મુદ્રાને નામે ઓળખવામાં ને વર્ણવવામાં આવે છે તે મુદ્રા એમને સિદ્ધ છે.

આ શાંભવી મુદ્રા શું છે ? તેનું રહસ્ય જાણવા જેવું છે. તે શાંભવી મુદ્રામાં યોગી આસન પર સ્થિરતાપૂર્વક બેસીને આંખ



ઉઘાડી રાખીને પોતાની દષ્ટિને બંને ભ્રમરની મધ્યમાં સ્થિર કરે છે. ગીતામાં એનું વર્ણન ‘ભ્રુવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક’ કહીને કરેલું છે. એ વર્ણન પ્રમાણે ભ્રમર મધ્યમાં દ્રષ્ટિ સ્થિર કરવાથી યોગીનું મન ખાસ વિષયો તથા દ્રશ્યો ને પદાર્થોમાંથી ઉપર ઊઠીને એમને નથી જોતું. એની વૃત્તિ અંતર્મુખ બની જાય છે. આરંભમાં એ મુદ્રાનો અભ્યાસ કષ્ટસાધ્ય લાગે છે. એથી આંખ ખેંચાય છે. દુઃખે છે અને આંખમાંથી પાણી પણ પડે છે. પરંતુ ધીરજ, હિંમત અને ઉત્સાહપૂર્વક ક્રમેક્રમે આગળ વધવાની દ્રષ્ટિ લાંબા વખત લગી સ્થિર થાય છે ને બધી તકલીફ મટી જાય છે પછી તો એના ઊંડા અભ્યાસથી શ્વાસ મંદ પડીને આપોઆપ શાંત થાય છે ને સાધક અતીન્દ્રિય પ્રદેશના અથવા સમાધિના મંગલમય મંદિર દ્વારને ખોલી આગળ વધે છે. આંખ ઉઘાડી રહે છે, પરંતુ શરીરની સંજ્ઞા નથી રહેતી. યોગી દેહાધ્યાસથી પર થાય છે તેમજ અનેક પ્રકારના અસાધારણ અવનવા અનુભવો મેળવે છે એ અનુભવોમાં સૌથી ઉત્તમ પ્રકારનો અનુભવ આત્માનુભવ પણ એને માટે સહજ બને છે. સમાધિદશાની પ્રાપ્તિ માટે એણે આંખને બંધ નથી કરવી પડતી.

શ્રી રમણ મહર્ષિને એ અવસ્થાની અનુભૂતિ સહજ હતી. એમના દર્શનનો લાભ લેનાર અને એમના આશ્રમમાં રહેનાર સારી પેઠે જાણે છે કે એ ઉઘાડી આંખે જ નિશ્ચલતાની પ્રાપ્તિ કરીને સમાધિ દશામાં ડૂબી જતા. સમાધિ દશા પર એમનો પૂરો કાબૂ હતો. એ છતાં પણ એ અસાધારણ દશામાં પ્રવેશવા માટે એ શાંભવી મુદ્રાનો આધાર નહોતા લેતા.

વરસો પહેલાં પરદેશમાંથી ભારતમાં યોગીઓની શોધમાં આવેલા પૉલ બ્રન્ટનને દક્ષિણ ભારતમાં એક એકાંત શાંત સ્થાનમાં આવા જ ખુલ્લી આંખે ઊંડા ધ્યાનમાં ડૂબેલા યોગી પુરુષના સમાગમનો લાભ મળેલો એ યોગીની દ્રષ્ટિ સ્થિર અથવા નિશ્ચળ હતી અને એમની આંખ કાચ જેવી અચેતન દેખાતી. એ યોગીનું વર્ણન એમણે પોતાના પ્રસિદ્ધ પુસ્તક ‘એ સર્ચ ઈન સીક્રેટ ઈન્ડિયા’માં ‘કદી ના બોલનારા સંત’ નામના પ્રકરણમાં કહેલું છે, ઋષિકેશની દિવ્ય ભૂમિના આ આત્મલીન ધ્યાનસ્થ મહાત્મા પુરુષને જોઈને એ પુસ્તકનું સ્મરણ થવાની સાથે એ યોગીનું એમાં કરાયેલું વર્ણન તાજું થાય છે.

કલાક પર કલાક પસાર થાય છે, છતાં મહાત્મા પુરુષનું શરીર નથી હાલતું. એમની આંખ નથી હાલતી અને એમનું ઊંડું ધ્યાન પણ નથી તૂટતું. આત્મિક જગતના કોઈક અલૌકિક અનુભવ દરિયામાં એમનું મન ડૂબકી મારીને મળી ગયું છે. એમને એ ડૂબકીને પરિણામે કોઈ મહામૂલ્યવાન મોતી હાથ લાગ્યું છે. એ પરમ અનુભવ પ્રદેશમાં દુન્યવી વાતાવરણની અસર નથી થતી અને જુદા જુદા આઘાત પ્રત્યાઘાતો પણ નથી પહોંચતા. હિમાલયની સામે આગળ ને પાછળ ઊભેલી પ્રશાંત પર્વતમાળાની પેઠે એ અચળ ને અડગ છે, તેમજ આજુબાજુના વનની નીરવતા ને નિર્મળતા ધારણ કરીને એ બેસી રહ્યા છે. ગંગા જેમ દર્શન સ્પર્શન તથા સ્નાનથી બીજાને શાંતિ આપે છે. તેમ એમનું દર્શન પણ આત્મિક પંથના પ્રવાસીઓ માટે પ્રેરક, શક્તિ-સંચારક ને શાંતિપ્રદાયક સાબિત થાય છે. એ સાધનારત હોવા છતાં એમની ઉપસ્થિતિ જ સાધકો માટે લાભદાયક થઈ પડે છે.



કોઈને એવો પ્રશ્ન થવાનો સંભળ છે કે આત્મસાધનાની આટલી બધી ઊંચી કક્ષાએ પહોંચવા એ મહાત્મા-પુરુષ સવારથી સાંજ સુધી બધાંને દેખતાં રસ્તા પર શા માટે બેસે છે ? એ પોતાની ગુફા કે કુટિયામાં જ બેસતા હોત તો ? બહાર જાહેરમાં બેસવામાં શું પ્રતિષ્ઠાનો મોહ નથી રહ્યો ? આપણે એમને ઉત્તર આપીશું કે જાહેરમાં એવી રીતે બહાર બેસવામાં પ્રતિષ્ઠાનો મોહ જ હોય છે એવું નથી સમજવાનું, એ મહાત્મા પુરુષ પોતાની કુટિયામાં બેસવાને બદલે વરસોથી નિયમિત રીતે બહાર રસ્તા પર શા માટે બેસે છે તે તો તે જાણે, પરંતુ એથી જાણ્યે અજાણ્યે એક મહત્ત્વનો હેતુ સિદ્ધ થાય છે તે સાચું જ છે હિમાલયના એ પ્રદેશમાં ઊંચી કોટિના તપસ્વીઓ, સાધકો, યોગીઓ અને મહાત્માઓના દર્શનની કામનાથી પ્રેરાઈને કેટલાય પ્રવાસીઓ આવતા હોય છે એમને માટે ઊંચી કોટિના સઘળા સંતોનું દર્શન સુલભ નથી હોતું એમને માટે પર્વતો ને જંગલોમાં શોધ કરવી પડે છે ને ત્યારે ભાગ્યે જ તે મળે છે. આ મહાત્મા બહાર રહેતા હોવાથી એમનું દર્શન સૌને માટે ને સર્વકાળે સુલભ છે. એ ઉપરાંત, યોગના ને બીજા ગ્રંથોમાં શાંભવી મુદ્રા તેમજ ધ્યાન કે સમાધિનિષ્ઠ યોગીઓનાં કરેલાં વર્ણનો તદ્દન સાચાં છે અને આ જમાનામાં પણ પ્રત્યક્ષ જોઈ શકાય છે એ વાતની પ્રતીતિ પણ એમને જોવાથી આપોઆપ થઈ રહે છે સાધકોને એવી પ્રેરણા ને ઉત્સાહ મળે છે એમની એ સેવા કાંઈ ઓછી નથી એ દૃષ્ટિએ એમનું લોકોની દૃષ્ટિ પડે એવી રીતે બહાર બેસવું સાર્થક છે.

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ મહર્ષિનો મેળાપ ॥

શ્રી રમણ મહર્ષિના સુખદ સમાગમમાં આવવાનું સૌભાગ્ય સૌથી પ્રથમ મને ક્યારે ને કેવી રીતે સાંપડ્યું એ જાણવા જેવું છે. એની માહિતી રસપ્રદ થઈ પડશે. એ મહાપુરુષનું નામ તો મેં વરસો પહેલાં સાંભળેલું. મારી કિશોરાવસ્થામાં મારા પરમાત્મપ્રેમથી પરિપ્લાવિત અંતરમાં પરમાત્માના સાક્ષાત્કારની સદ્‌ભાવનાએ જોર પકડ્યું ત્યારે એક દિવસ મને સ્વપ્નમાં કોઈનો સ્વર સંભળાયો કે આત્મસાક્ષાત્કાર કરવાની ઈચ્છા હોય તો રમણ મહર્ષિ પાસે જાવ. પરંતુ મારા અંતરમાં હિમાલયનું આકર્ષણ ઉત્કટ હોવાથી દક્ષિણના પ્રદેશમાં મહર્ષિના આશ્રમમાં જવાનો પ્રસ્તાવ મને પસંદ ના પડ્યો. કાળક્રમે ઈશ્વરના અપાર અનુગ્રહથી સંજોગો સાનુકૂળ બનતાં મારે હિમાલયના પુણ્યપ્રદેશમાં પ્રવેશવાનું થયું. એ પ્રદેશમાં આવેલા નૈસર્ગિક સૌન્દર્યસભર શાંત સ્થળ ઉત્તર કાશીમાં રહેવાનો અવસર મને પ્રાપ્ત થયો ત્યારે ઈ.સ.૧૯૪૪માં, ગંગાના પ્રશાંત તટપ્રદેશ પરની નાની સરખી મઢૂલીમાં રોજના નિયમાનુસાર હું રાતે ધ્યાનમાં બેઠો ત્યારે, સમાધિની શાંત અવસ્થામાં એકાએક, કોઈ પણ પ્રકારના પૂર્વસંકલ્પ વિના, રમણ મહર્ષિનું દર્શન થયું. એમના એ દૈવી દર્શનથી મારા અંતરમાં અસાધારણ આનંદનો આવિર્ભાવ થયો.

એ પણ પોતાની પ્રસન્નતાને પ્રકટ કરવા માગતા હોય તેમ મારા તરફ નેહભરેલા નેત્રે નિહાળી રહ્યા. મારા પર અનુગ્રહની વર્ષા વરસાવતાં એમણે મારી પાસે આવીને મને સ્પર્શ કર્યો એ જ વખતે મારું શરીર તખત પરથી નીચે ઊતરીને અવકાશમાં સ્થિર થયું. એક નિમિષમાં જ એમણે મને પુનઃ સ્પર્શ કર્યો. એના પરિણામે મારું શરીર જોતજોતામાં મઢૂલીમાંથી બહાર નીકળીને એમની સાથે અવકાશમાં ચાલવા માડ્યું. મેં યોગીઓની આકાશગમનની જે



મહાન આશ્ચર્યકારક સિદ્ધિસંબંધી વારંવાર વાંચેલું ને સાંભળેલું તે સિદ્ધિનો મને એ મહાપુરુષના અનુગ્રહથી આકસ્મિક રીતે આપોઆપ અનુભવ થયો. આકાશગમનનો અર્થ હું આકાશમાં ઊડવું એવો સમજતો, પરંતુ એનો અર્થ અવકાશ અથવા રિક્ત પ્રદેશમાંથી પસાર થવું એવો થાય છે એનું મારી સમક્ષ સ્પષ્ટીકરણ થયું. ઈશ્વરની અનંત અનુકંપા વિના સાધનાપાપ્ત યોગીઓને પણ દુર્લભ એવો અસાધારણ યોગાનુભવ મને ભાગ્યે જ થઈ શકત.

થોડા વખતમાં તો માઈલોના વિશાળ અંતરને કાપીને અમે મુંબઈમાં ચોપાટીના સુંદર સમુદ્રતટ પર આવી પહોંચ્યા. મહર્ષિએ મને નેહપૂર્વક નિહાળીને ફરી સ્પર્શ કર્યો. અમારાં બંનેનાં શરીરો સીમારહિત સમુદ્રની સપાટી પર થઈને અનંત અવકાશવરણમાં આગળ વધવા લાગ્યાં. બીજી જ પળે હું એમની સાથે તિરુવણ્ણામલૈમાં આવેલા એમના એકાંત આશ્રમના હૉલમાં પહોંચી ગયો.

એમણે મારો હાથ પકડીને મને એમની બાજુમાં કોચ પર બેસાડ્યા એ વખતે થયેલા સંકોચને લક્ષમાં લઈને જણાવ્યું : 'મારી પાસે બેસવામાં સંકોચ શા માટે થાય છે ? તમને તમારા પૂર્વજન્મનું જ્ઞાન નથી થયું ? એ જ્ઞાન સાચું છે. મને એટલા માટે જ તમારા પ્રત્યે પ્રેમ થયો છે ને મેં તમને આ વિલક્ષણ અનુભવ કરાવ્યો છે.'

પરંતુ હજુ તો મારે ઘણો ઘણો વિકાસ કરવાનો છે. મેં આત્મનિરીક્ષણની વૃત્તિથી પ્રેરાઈને નમ્રતાપૂર્વક કહ્યું.

'તેથી શું ?' તે તરત બોલ્યા : 'તે સઘળો વિકાસ સમય પર સ્વાભાવિક રીતે જ થઈ રહેશે.'

એ પછીનો થોડોક વખત ઊંડા આત્માનંદમાં ને મૌનમાં વીતી ગયો. છેવટે એ બોલ્યા : 'ભવિષ્યમાં અહીં આવજો. તમને મળીને મને આનંદ થશે.'

થોડી વાર પછી આંખ ઊઘડી ત્યારે હું ઉત્તર કાશીની મારી મઢૂલીમાં શાંતિપૂર્વક બેઠેલો. આજુબાજુ બધે જ અંધારું વ્યાપેલું. ગંગાનો સુમધુર સ્વર સંભળાવા લાગ્યો. એ સિવાય સમસ્ત વાતાવરણ નીરવ ને નિસ્પંદ હતું. મારાં લોચનમાંથી પ્રેમનો પવિત્ર પ્રવાહ વહેવા લાગ્યો. એ મહાપુરુષની અહેતુકી અનુકંપા સિવાય મને એવો અસાધારણ અનુભવ થઈ શકત ખરો ?

એ અદ્‌ભુત અસાધારણ અનુગ્રહ પ્રસંગ પરથી મારી પ્રતીતિ થઈ કે રમણ મહર્ષિની આત્મિક શક્તિ અસાધારણ છે. એ રહે છે દૂર દક્ષિણના નાના નગર તિરુવણ્ણામલૈમાં ને બહારથી કોઈ પ્રકારની વિશેષ પ્રવૃત્તિ કરતા નથી દેખાતા તો પણ દૂર દૂર સુધી જઈ શકે છે, દેશકાળના દુન્યવી ભેદથી પર છે, ને લોકોપયોગી પ્રવૃત્તિ કરે છે. મારા જેવા અધ્યાત્મપંથના કેટકેટલા પ્રવાસીઓને એમણે એક અથવા બીજા પ્રકારે સહાયતા કરી હશે એનો કટીબદ્ધ સાંગોપાંગ સંપૂર્ણ ઈતિહાસ કોની પાસે છે ? એમનું કર્મ બહારથી એટલું બધું જોરદાર દેખાતું ના હોય તો પણ એ નિષ્કર્મણ્ય તો નથી જ. ના જ હોઈ શકે.

રમણ મહર્ષિના એ અલૌકિક અનુભવે મને વિચાર કરતો કરી મૂક્યો. એ અનુભવ મારો પોતાનો હોવાથી એમાં કશું શંકા જેવું નહતું. જે સાર સહસ્રો શાસ્રો શીખવી કે સમજાવી ના શકે એ સાર એ સ્વાનુભવે સહેલાઈથી સમજાવી દીધો. મહર્ષિની શક્તિ માટે મને માન પેદા થયું.

કાળચક્ર પોતાના નિશ્ચિત નિયમાનુસાર બદલાયું અને એક ધન્ય દિવસે હું તિરુવણ્ણામલૈના એકાંત શાંત રમણાશ્રમમાં જઈ પહોંચ્યો. ઈ.સ.૧૯૪૫માં આશ્રમમાં જવાનો મારો ઉદ્દેશ જરાક જુદો હતો. રમણાશ્રમનું વાતાવરણ જો સાનુકૂળ લાગે તો ત્યાં ઈચ્છાનુસાર રહીને સાધના કરવાની મારી આકાંક્ષા હતી. પ્રભાતના પ્રથમ પ્રહરમાં મંદમંદ વાતા વાયુની વચ્ચે મેં એ



અસાધારણ ખ્યાતિપ્રાપ્ત આશ્રમમાં પ્રવેશ કર્યો. ત્યાંના શાંત વિશુદ્ધ વાતાવરણની અસર મારા પર સ્વભાવિક રીતે જ ઘણી સારી થઈ. આશ્રમ નાનો હોવા છતાં આહ્‌લાદક અને આકર્ષક હતો. અરુણાચલ પર્વતની પ્રશાંત ગોદમાં વસેલો હોવાથી વધારે નયનમનોહર દેખાતો. સ્વચ્છતા તથા સાદાઈના પ્રતીક જેવા એ આશ્રમને નિહાળીને મારું હૈયું હરખાઈ રહ્યું. એક પ્રકારના ઊંડા આત્મસંતોષ સાથે મેં આશ્રમના અધિષ્ઠાતા દેવતા ભગવાન રમણ મહર્ષિના દર્શનની અભિલાષાથી હૉલમાં પ્રવેશ કર્યો.

હૉલમાં મહર્ષિ એક કોચ પર બેઠેલા. એમની આગળ અગરબત્તીઓ સળગતી. એ કશુંક વાંચતા હતા. એમણે કેવળ સફેદ લંગોટી પહેરેલી. એમના વદન પર વૃદ્ધાવસ્થાની અસર દેખાઈ આવતી. કોઈપણ પ્રકારનો દંભ નહિ, ઘમંડ નહિ, અહંભાવ નહિ. શિશુસહજ સરળતા, શુચિતા, નમ્રતા. સામે જમીન પર દર્શનાર્થી સ્રીપુરુષો શાંતિપૂર્વક બેઠેલાં. કોઈ મહર્ષિ તરફ જોતાં તો કોઈ ધ્યાનમાં ડૂબેલાં કે પ્રાર્થનામગ્ન બનેલાં. મેં એ સૌની પાછળ એક તરફ બેસવાનું ઉચિત માન્યું.

મહર્ષિના પ્રથમ દર્શને મારા મનમાં જુદા જુદા છતાં ઉદાત્ત ભાવો પેદા થયા. અરુણાચલ પર્વતની પ્રશાંત તળેટીમાં વરસોથી વસનારા આ મહાપુરુષ કેવા છે ? એમનામાં કશી અસાધારણતા છે એવું કોઈ પ્રથમ દર્શને તો કહી જ ના શકે. કોઈ અદ્‌ભુત આકર્ષણયુક્ત મુખાકૃતિ, અદષ્ટપૂર્વ વ્યક્તિત્વ કે દિલ અને દિમાગને આંજી દેનારા દમામથી તે સંપન્ન નથી. કોઈ વિશેષ પ્રતિભા કે ચમત્કૃતિ પણ એમનામાં નથી દેખાતી. માર્ગે મળ્યા હોય અને કોઈ આપણને કહે કે આ રમણ મહર્ષિ, તો મન માને નહિ, એ એવા અત્યંત સીધાસાદા. કોઈ સાધારણ આશ્રમવાસી સાધુ જેવા દેખાય છે. કોઈ એમની તરફ જુએ છે, એમને નમે છે, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે, પુષ્પો ચઢાવે છે, એ તરફ

એમનું ધ્યાન જ નથી. એવા છે એ જીવનમુક્ત, સર્વાત્મભાવમાં પ્રતિષ્ઠિત, આત્મદર્શી-મહાપુરુષ. પ્રથમ દૃષ્ટિએ એમનું મૂલ્યાંકન કરવામાં ભૂલથાપ ખાઈ જવાનો પૂરતો સંભવ છે.

મને થયું કે થોડા સમય પહેલાં જ કોઈપણ પ્રકારના પૂર્વ પરિચય વિના આ પરમ પ્રતાપી મનાતા મહાપુરુષે મને ઉત્તર કાશીમાં અદ્ભુત અનુભવ આપેલો. એ મહાપુરુષ શું આ જ છે? એ અનુભવ એમણે સ્વેચ્છાએ આપ્યો હશે કે એની પ્રાપ્તિ ઈશ્વરની અપાર અનુકંપાથી થઈ હશે ? મહર્ષિએ એ અનુભવ એમની અસાધારણ શક્તિની ચમત્કૃતિરૂપે સ્વેચ્છાએ આપ્યો હોય તો એ આટલા બધા ઉદાસીન કેમ છે ?

ત્યાં તો એમણે વાંચવાનું બંધ કર્યું. મારા મનોભાવો એમને પહોંચ્યા કે શું ? એમણે હૉલમાં બેઠેલા દર્શનાર્થીઓ પર દૃષ્ટિ ફેરવવા માંડી. એ દૃષ્ટિ છેવટે મારા પર આવીને સ્થિર થઈ. મારી તરફ એ ટકટકી લગાવીને નિહાળી રહ્યા.

એ નિહાળવાનું સામાન્ય નિહાળવાનું થોડું જ હતું ? એ દ્વારા એ જાણે કે મારામાં વિચારસંક્રમણ કરી રહેલા. એ એમની મહાન લાક્ષણિકતા મનાતી. સમાધિ પરના પરિપૂર્ણ પ્રભુત્વ દ્વારા એમણે શક્તિ મેળવેલી. આત્મા દ્વારા એ મારા આત્માને જાણે કે જણાવી રહ્યા. તમારે અહીં રહીને શું કરવું છે ? તમારે માટે હિમાલયનો પુરાણપ્રસિદ્ધ પાવન પ્રદેશ જ યોગ્ય છે. અત્યાર સુધી રહ્યા તેમ હજુ ત્યાં જ રહો ને સાધના કરો. તમને શાંતિ સાંપડશે સિદ્ધિ કે સર્વોત્તમ અવસ્થાની અનુભૂતિ થશે.

એ પછી એમણે દૃષ્ટિ ફેરવી લીધી. કોચપર આડા પડીને એ પત્રોના પ્રત્યુત્તર માટે આવશ્યક સૂચનાઓ આપવા લાગ્યા. મારા મનનું એ મૂક વાર્તાલાપથી સંપૂર્ણ સમાધાન થયું. એ અવિસ્મરણીય પ્રસંગ પછી મહર્ષિ કેટલા બધા અસાધારણ છે અને કેવી અલૌકિક શક્તિથી સંપન્ન છે એની પ્રતીતિ મને થઈ



ચૂકી. આત્મદૃષ્ટિ મહાપુરુષની દૃષ્ટિ બહારના ઉપદેશો કે પ્રવચનો કરતાં વિશેષ કિંમતી તથા ક્રાંતિકારી હોય છે એ સંબંધી સાંભળેલું તો ખરું. પરંતુ શ્રવણ અને સ્વાનુભવ વચ્ચે કેટલીક વાર આભજમીનનું અંતર હોય છે. એ અંતર એવી રીતે આપોઆપ કપાઈ જવાથી મને અતિશય આનંદ થયો.

રમણાશ્રમનો મારો ફેરો સફળ થયો.

યોગિક વિકાસથી માનવની શક્તિ કેટલી બધી અસીમ બની શકે છે એની અપરોક્ષાનુભૂતિ મહર્ષિના સંસર્ગમાં આવેલા અનેકને થઈ હશે. આ તો એનો આછોપાતળો આભાસ છે.

કોઈને કદાચ પ્રશ્ન થશે કે રમણ મહર્ષિને માટે આટલો બધો પ્રેમ અથવા આદરભાવ હોવા છતાં તમે રમણાશ્રમમાં અવારનવાર જઈને એમની મુલાકાત કેમ ના લીધી ? હું એમને પૂછીશ કે જેના સાંનિધ્યમાં સદા સર્વદા ગંગા વહેતી હોય તેને ગંગાની પાસે પહોંચવાનું શેષ રહે છે ખરું ? જે સુમનના સુંદર સૌરભસભર ઉપવનમાં બેઠો હોય તેને તેવા ઉપવન પાસે પહોંચવાનું ક્યાં રહે છે ? એવી રીતે હું તિરૂવણ્ણામલૈથી હજારો માઈલ દૂર હિમાલયના પ્રશાંત પુણ્યપ્રદેશમાં વસતો તો પણ એમનો અનુગ્રહ મારા પર અવારનવાર વરસ્યા કરતો. સિદ્ધ યોગીપુરુષો એમની અસાધારણ આત્મશક્તિથી દેશકાળ પર શાસન કરે છે ને પસંદગી પ્રમાણેના પ્રદેશમાં પહોંચી જાય છે એવું મેં વાંચેલું ને સાંભળેલું ખરું, પરંતુ મહર્ષિ દ્વારા અપાયેલા અનેકવિધ અનુભવોથી મને એની પ્રતીતિ થઈ સ્થૂલ રીતે દૂર રહીને પણ જેમણે મારી ઉપર અવારનવાર અસીમ અનુકંપાવૃષ્ટિ વરસાવી એવા સમર્થ મહાપુરુષોમાં એમનું સ્થાન આગળ પડતું છે. એ મને પ્રસંગોપાત મળતા રહેતા એટલે એમના આશ્રમમાં જવાની ને રહેવાની આવશ્યકતા નહોતી.

—શ્રી યોગેશ્વરજી

# ॥ મહાપુરુષોની ઓળખ ॥

રામકૃષ્ણ પરમહંસદેવની પાસે એક પંડિતજી આવ્યા. તેમણે પરમહંસદેવ સાથે એક જ આસન પર બેસી કહેવા માંડ્યું : 'શું તમે પરમહંસ છો ? વાહ, ખરા પરમહંસ ? લોકો તમને પરમહંસ કહે છે પણ તેઓ શું જાણે ? તેમને કોઈએ ભરમાવ્યા લાગે છે. ઠીક પરમહંસ, જરા હુક્કો પીવડાવો. પરમહંસદેવે તેમને હુક્કો આપ્યો. પંડિત હુક્કો ગગડાવવા માંડ્યા.'

એટલામાં તેમની નજર દીવાલ પર ટીંગાડેલા પરમહંસદેવના સુંદર કોટ પર પડી. એ જોઈ તે બોલી ઊઠ્યા : 'શું તમે કોટ પણ રાખો છો ?'

પરમહંસદેવ પણ ક્યાં ગાંજ્યા જાય તેવા હતા ? તેમણે પંડિતજીનું ધ્યાન ઓરડાના ખૂણા તરફ દોર્યું ત્યાં નવા સુંદર બુટ પડ્યા હતા. તે જોઈને તો તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેમને નક્કી થયું કે પરમહંસદેવ ઢોંગી છે ને તેમની જાળમાં લોકો ફોગટ ફસાયા છે. નમસ્કાર કર્યા વગર જ પંડિત ત્યાંથી ઊઠી ચાલ્યા ગયા.

સાંજનો સમય થયો હોવાથી ગંગાકિનારે જઈ તે સંધ્યા કરવા બેઠા.

થોડા વખત પછી તેમને એમ લાગ્યું-કોઈ તેમનું આકર્ષણ કરી રહ્યું છે. સંધ્યા પૂરી કરી તે જલદી પરમહંસદેવના ઓરડામાં આવ્યા તો ત્યાં શું જોયું ? પોતાના રોજના નિયમ પ્રમાણે પરમહંસદેવ આસન પર બેસી ધ્યાનમાં મગ્ન હતા. તેમના નેત્રમાંથી આંસુ વહી રહ્યાં હતાં. મુખપર જે ભાવો



હતા એ જોઈ પંડિતજીનું હૃદય પલટાઈ ગયું. પરમહંસદેવ પાસે બેસતાં તેમને અજબ શાંતિ લાગવા માંડી. પરમહંસદેવ સાચા મહાપુરુષ છે તેવી તેમને ખાતરી થઈ. તેમને સમજવામાં પોતે ભૂલ કરી છે તેનો પસ્તાવો પણ થયો.

એટલામાં એ મહાપુરુષનું ધ્યાન પૂરું થયું. એમણે નેત્ર ઊઘાડ્યાં, એટલે પંડિતજી તેમના ચરણમાં પડ્યા. તેમની આંખમાંથી પશ્ચાત્તાપના આંસુ વહેવા માંડ્યાં. પોતે કરેલી ભૂલ માટે તેમણે પરમહંસદેવની માફી માંગી.

પરમહંસદેવે કહ્યું : 'મહાત્માઓની કસોટી બહારના દેખાવ પરથી કરવી નહિ. બની શકે તો તેમના હૃદયમાં ડૂબકી મારવી. તેમના હૃદયને ઓળખવા પ્રયાસ કરવો ને તે પરથી તેમના વિશે નિર્ણય કરવો. નહિ તો તેમને નમસ્કાર કરીને રસ્તે પડવું. બાકી પૂરતી તપાસ વિના બે ત્રણ બાહ્ય વસ્તુઓની મદદથી-તેમને વિશે મત બાંધવો તે અપરાધ છે.'

પરમહંસદેવનાં આ વચનો સૌએ યાદ રાખવા જેવાં છે. એનો અર્થ એમ નથી કે માણસે મહાત્માઓના બાહ્ય સ્વરૂપને જોવાં જ નહિ, અથવા તેથી એમ પણ નથી સમજવાનું કે મહાત્માઓએ પોતાના બાહ્ય જીવનધોરણ કે સ્વરૂપ પ્રત્યે દુર્લક્ષ રાખવું. સાર એટલો છે, કે બહારની રીતે વિચિત્ર લાગતા જીવન ને સાધનવાળા માણસો પણ અંદરખાનેથી કેટલીકવાર મહાપુરુષને ગાંઠે બાંધ્યાં રતન હોય છે. મૂળ વાત તો એ છે કે, આ સંસારમાં મહાપુરુષોનું મિલન થવું દુર્લભ છે. ગીતાએ જેમને સ્થિતપ્રજ્ઞ કહ્યા છે તેવા પુરુષો કરોડોમાં કોઈક જ મળે છે ને

પૂર્વજન્મનાં સત્કર્મોનાં ફળરૂપે તેમનું મિલન થઈ જાય તો પણ તેમને ઓળખવાનું કામ કઠિન છે. તે પોતે જ જ્યાં સુધી કૃપા કરીને પોતાનું રહસ્ય ન ખોલે ને પોતે કોણ ને કેવા છે તેની સમજ ન આપે ત્યાં સુધી તેમને ઓળખવાનું કામ કપરું છે.

આ સંબંધમાં જે વાત ઈશ્વર વિશે કહેવામાં આવી છે તે સંતોને પણ લાગુ પડે છે. જેમ ઈશ્વર અગમ્ય છે, તેમ સંતો પણ અગમ્ય છે. ઈશ્વરને કોણ ઓળખી શકે ? જેના પર તે કૃપા કરી અર્જુનની જેમ અજ્ઞાનનું આવરણ હટાવી દઈ જેને તે દિવ્ય દૃષ્ટિ આપે, તેથી પણ ઈશ્વર કાંઈ દયાળુ નથી એવું થોડું જ છે. તેની કૃપા માટે માણસે તૈયાર થવું-આતુર બનવું જોઈએ. તેવી રીતે ઈશ્વરની કૃપા મેળવી ચૂકેલા સંતોને મળવાની જેને લગની લાગે ને જેવું દિલ તેવા મહાપુરુષોને મળવા તલપાપડ બની જાય, તેને મહાપુરુષોનું દર્શન જરૂર થાય. મહાપુરુષોની કૃપાથી તે તેમને ઓછાવત્તા પ્રમાણમાં ઓળખી પણ શકે-તેમને સેવીને લાભ પણ ઉઠાવી શકે.

*

અલૌકિક મહાપુરુષોની સાવ સામાન્ય રોજિંદી ક્રિયાઓમાં પણ કેવું એક અલૌકિક તત્ત્વ, નવીનપણું રહેલું હોય છે. શ્રીરામકૃષ્ણદેવની સંગાથે જેમણે એક દિવસનો પણ સહવાસ કરેલો છે, તેઓ જ આ વાતનો મર્મ વિશેષ કરીને સમજશે.

**—શ્રી યોગેશ્વરજી**



## ॥ પૂ.શ્રી'મા'ના સંજીવનીસમા પત્રો ॥

### (શ્રી નાથાભાઈ જાગાણીને)

સ્વર્ગારોહણના હે ભક્તસેવક,

આપની વિશેષતાને યાદ કરતાં કરતાં સૌને નવી પગદંડી મળી રહી છે.

'સ્વર્ગારોહણ'ને તમારી સેવાનો મંચ બનાવી અહીંના દરેક નાનાં મોટાં કામમાં તમે કદી આજ્ઞા કરી નથી. જાતે જ નાનાં મોટાં કામ તમે શોધતા રહ્યા. તે કામ તમે જાતે જ ઉપાડતા રહ્યા. તમને જોઈને સેવકો એમાં જોડાઈ જતાં તો સૌ સ્વજનો પણ નાથાકાકાની સતત કામ કરવાની પ્રવૃત્તિ જોતાં જોતાં જાગતા રહ્યા. થોડું ઘણું તમને સ્વજનો પણ સહાય કરતાં રહ્યાં.

'સ્વર્ગારોહણ'ની ધરતી તમારા પ્રત્યેક પગલાને યાદ કરી રહી છે.

સતત કામ કરતાં, સતત ચાલતા, સતત દોડતા, સતત સૌનો સહયોગ પામતા જાણે અહીં તમારી સેવકસ્વરૂપની મૂર્તિ સૌને દેખાઈ રહી છે.

ક્યાંયે કદી કોઈ કામમાં છટકવાનું તમારા સ્વભાવમાં જ ન હતું એવું કહી શકાય કે તમે મૃત્યુને પણ ગરબે ગાઈને હરાવી દીધું.

જીવનભર સતત પ્રવૃત્તિમાં વીતાવી ગરબામાં પણ આ પૃથ્વીની અંતિમ નિર્દોષ મસ્તી માણી લીધી. સૌને માટે અચરજ છે કે આપણા આ વડીલ અચાનક છેતરીને ગરબા ગાવા દિવ્ય લોકમાં પહોંચી ગયા !

સરસ આનંદ પામ્યા જાણે તમે તો ચાલતા દોડતા, ડોલતા

ડોલતા સ્મશાનમાં જઈને સૂઈ ગયા. જાગાણી પરિવારના હે વડીલ બાપુજી, આપે તો જીવનભર સૌને વધાવ્યા. મૌન રહી સૌને સાક્ષીભાવે જોતા રહ્યા.

ડૉ.જાગાણીની વિદાય હોય કે મહેશના જીવનની ગૂંચ હોય કે સુકન્યા બેનનો આઘાત હોય કે આનંદ-અવસર હોય કે કૃતિનો લગ્નનો નિર્ણય હોય કે કૃપાનો આગળ અભ્યાસ, જૉબ કે બીજી સમસ્યા હોય કે હિતેશભાઈના ગંભીર પ્રશ્નો હોય આ સર્વ પ્રસંગોમાં આપ જાણે સાધુપુરુષ બનીને મૌન રહીને સૌને છત્ર ધરતા રહ્યા. ક્યાંયે કોઈ જીદ ના કરી ક્યાંયે કોઈ વડીલપણાની ના કડકાઈ બતાવી.

હે સાધુપુરુષ, પુરુષ આપે જીવી બતાવ્યું કાદવમાંથી કમળની જેમ ખીલી બતાવ્યું.

તમારી સર્વ વિશેષતાને મુક્તાબેન/મધુબેન/જમાઈરાજ સહિત પરિવારના સૌ સભ્યો યાદ રાખશે. યાદ કરશે.

તમે જીવનનો સર્વક્ષેત્રનો અભિનય નમતા રહી, ગમતા રહી, હસતા હસતા ખસતા રહીને જીવી બતાવ્યો.

ઘસાઈને ઉજળા થવાની જાણે તમે તો એક પાઠશાળા બની ગયા.

કેટકેટલું બાળકોને શીખવી શક્યા. બોલીને નહિ, લખીને નહિ, મૌન રહીને જીવી બતાવ્યું.

જાગાણી પરિવાર ફરી ફરી તમને વડીલ તરીકે પ્રભુ પાસે માંગશે ત્યારે ત્યારે તમે પણ પધારજો.

તમારો જીવનપંથ દેવી દેવતાના આશીર્વાદથી રક્ષાયેલા રહો. હે ભક્તસેવક ! હે સાધુપુરુષ પ્રભુ પાસે કલ્યાણ પામો.

'સ્વર્ગારોહણ'ને જેમણે કર્મભૂમિ બનાવી નાનાભાઈની ઈચ્છા અને યોજના પ્રમાણે ડૉ.જાગાણીના બોલને મોટાભાઈએ



સરસ રીતે વધાવી લીધા.

'સ્વર્ગારોહણ'નાં સર્વ સ્વજનો અરે આખું વનસ્પતિજગત 'સ્વર્ગારોહણ'ની ધરતીની એકએક રજ એના આ સેવકથી પરિચિત હતું.

ડૉ. જાગાણીને હાશ થઈ જાય એટલા બધાં વરસો આ ધરતી ઉપર મોટાભાઈએ વીતાવ્યા.

અંબાજી ગામમાં પણ 'સ્વર્ગારોહણ' એટલે નાથાભાઈ અને નાથાભાઈ એટલે 'સ્વર્ગારોહણ'.

શ્રી નાથાભાઈની પ્રતિષ્ઠા એક પ્રામાણિક નિસ્વાર્થ, મૌની, ગુપ્ત સેવક તરીકેની રહી.

પરિવારના વડીલ છતાં કોઈને ક્યાંયે ના નડ્યા. જાણે ગૃહસ્થ છતાં અલિપ્ત વૈરાગી. બાળકો વચ્ચે છતાં ક્યાંયે વળગણ ના રહ્યું.

'સ્વર્ગારોહણ'ને આ વરસે બે સ્વજનોની ખોટ છે.

શ્રીવિઠ્ઠલભાઈ અને શ્રીનાથાભાઈ વરસો સુધી સાથે મળીને 'સ્વર્ગારોહણ'ને સંભાળ્યું અને સાથે જ એક જ વરસમાં આ પૃથ્વીલોકને સલામી પણ ભરી.

હે નાથાભાઈ આપને તો 'સ્વર્ગારોહણ'માં સર્વ સ્વજનો, મહારાજ અને સેવકવૃંદ, અરે 'સ્વર્ગારોહણ'ની ધરતીના પ્રત્યેક છોડ, વૃક્ષ વંદન કરે છે.

ધન્યજીવન, 'સ્વર્ગારોહણ' તીર્થની અનોખી સેવા કરનાર હે ભક્તપુરુષ ! ફરી ફરી સૌ તમારી સેવાનું સ્મરણ કરી આભાર માની વંદન કરે છે.

શ્રીહિતેશભાઈની છત્રછાયામાં તમે હાશ પામ્યા. મહેશભાઈની પ્રગતિ જોઈને હાશ પામ્યા. સુકન્યાબેનની ફૂલવાડી જોઈને હાશ પામ્યા.

ઉત્સવ, વંશી, મંત્ર, મહેંક, પર્વ, મુરલી, મીસરી જેવી સુગંધિત પુષ્પવાટિકા સંતોષ સાથે જોઈ શક્યા.

મુક્તાબેન પણ તમારા સેવાના માર્ગે સતત સહયોગ ધરતાં રહ્યાં. જ્યાં ગમે ત્યાં રહેવા માટે તમને સ્વતંત્રતા મળી.

હે નાથાભાઈ, તમે ક્યાંયે ના બંધાયા.

આસોદરા, ભાવનગર, 'સ્વર્ગારોહણ'માં, ગાંધીનગર એ સર્વસ્થળો પણ તમને બાંધી ના શક્યા.

એવા બંધનમુક્ત ભક્તપુરુષ તમે તો નવરાત્રિમાં ગરબે ઘૂમતા ઘૂમતા ઉપરના લોકના ગરબામંડળમાં સહજ રીતે જોડાઈ ગયા !

પૃથ્વીપરથી રમતાં રમતાં ઉપરના દિવ્યલોકમાં ક્ષણવારમાં તો રમતા થઈ ગયા.

કેટલું સરસ મૃત્યુનું એ મંગલપર્વ ! સહજ રીતે દેહ છોડી દીધો.

એવી વિદાયને આંસુ ના શોભે. ગૌરવ સાથે સલામી આપવાની હોય.

હે નાથાભાઈ, જ્યાં છો ત્યાંથી સૌને અરે! 'સ્વર્ગારોહણ'ને પણ આશીર્વાદ આપતા રહેજો.

સૌનાં વંદન સ્વીકારતા રહેજો સૌને શુભેચ્છા ધરતા રહેજો.

'સ્વર્ગારોહણ'ની સેવા પ્રભુના દરબારે નોંધાઈને સર્વદેવી દેવતાના આશીર્વાદથી તમારી નવજીવનની મંગલયાત્રામાં વરસતા રહો.

જ્યાં છો ત્યાં શાંતિ સુખ પામો. નવા દેહે નવા યાત્રાપથ પર શાંતિ પામો.

**—શ્રી'મા' સર્વેશ્વરી**

*



## (શ્રીવિઠ્ઠલભાઈ ગોહિલને)

૩૦/૯/૨૦૨૦

**સ્વર્ગારોહણ**

'સ્વર્ગારોહણ'ના આદર્શ મૌનવ્રતધારી ભક્ત સેવક—શ્રી વિઠ્ઠલભાઈ,

જન્મદિને તીર્થક્ષેત્રમાં છો. રોજ મહાભાગ્ય છે. એવું મહાભાગ્ય જીવનભર પામો.

તનના આરોગ્યમાં તમે યુવાનોને માટે પ્રેરણાની પગદંડી છો.

સંસ્થાના સેવકરૂપે મૌન રહી સોંપેલા સર્વ અભિનયો શ્રેષ્ઠ રીતે ભજવી રહ્યા છો.

આરોગ્યક્ષેત્રે તમારી જાગૃતિ સર્વશ્રેષ્ઠ છે.

વિવિધ પાકના તમે જાણકાર છો. વિવિધ વનસ્પતિના તમે અનુભવ સિદ્ધ વૈદ્યરાજનું પદ મેળવો તેવા છો.

પરિવાર માટે આદર્શ પિતા, આદર્શ પતિ, આદર્શ દાદાજી છો.

શ્રીદેસાઈની વિદાયની નોબત વાગી અને તરત જ તમને પ્રભુએ શંખનાદ કરીને અહીં હાજર કરી દીધા.

નિવૃત્તિમાં ઘરમાં આરામનો વિચાર તમે સપને પણ ના કર્યો. નિવૃત્તિને પ્રવૃત્તિથી સજાવીને જીવન ધન્ય કર્યું છે.

ઘરના, પરિવારના, સાધકો, સ્વજનો સૌ આપને પૂજ્યભાવે જોતા રહ્યા છે. સૌ સન્માનતા રહ્યા છે. એવું સન્માન, એવો

નિસ્વાર્થ પવિત્રપ્રેમ જીવનભર મળતો રહો. તમે તે સૌના છો છતાં તમે કોઈના નથી. તમે પ્રભુની પસંદગીના પ્રભુના જ ભક્ત સેવક છો. એટલે જ પ્રભુએ તમને શોધીને અહીં બેસાડ્યા છે.

'સ્વર્ગારોહણ'માં આવનાર સૌને તમે ખૂબ પ્રેમથી સન્માનો છો, વધાવો છો એ અર્થમાં તમે 'સ્વર્ગારોહણ'ના શ્રેષ્ઠ સ્વજન વડીલ છો.

તન, મન, ધનથી સ્વસ્થ રહી ઔષધને ઘૂંટતાં ઘૂંટતાં અનેકની હાશ પામતા રહો.

૮/૧/૨૦૨૧

જય જય વિઠ્ઠલ
જય હરિ વિઠ્ઠલ

- હે પ્રભુ ગઈકાલ કરતાં આજે સારું છે.
- આજ કરતાં આવતીકાલે વધુ સારું થવાનું છે.
- અને પરમદિવસે તો આપણે દોડતા થઈ જઈશું.
- દીકરીને ઘરે આ-રામ ને સ્મરતાં સ્મરતાં આરામ કરો.
- જેમાં મંગલ છે તે જ પ્રભુ કરે છે. કરશે.

૬/૨/૨૦૨૧

વૈદ્યરાજ વિઠ્ઠલનાથ દેવી હસુમતી તથા વૈદ્યરાજનો શ્રદ્ધાળુ પરિવાર જીવનમાં આરોગ્યનો વિક્ષેપ આવીને ક્ષણમાં તો જતો રહ્યો. કેવી કૃપા જાણે 'સ્વર્ગારોહણ'ની સેવાનો પુરસ્કારરૂપે આરોગ્યનો પ્રસાદ ઉપરના લોકમાંથી વરદહસ્તની પ્રાર્થનાના માધ્યમથી આવી રહ્યો છે.



હવે તો આરોગ્યની પગદંડી ઉપર સરસ પગલાં ભરાઈ રહ્યા છે. આનંદ છે.

આરોગ્યને શંખનાદથી વધાવવા સક્ષમ બનો એવી પ્રાર્થના છે.

૧૦/૪/૨૦૨૧

'સ્વર્ગારોહણ'ની પરબડીએ વરસો સુધી બેસીને પાણી પાનારાં હે ભક્તદંપતિ,

શ્રી દેસાઈ વિદાય થયા અને જાણે કહેતા ગયા. હું અચાનક જાઉ છું પણ શ્રી વિઠ્ઠલભાઈ આવી જ જશે.

અને સાચે જ વરસો સુધી તમે સ્થિર થઈ ગયા. નિવૃત્તિનો મંગલ મહોત્સવ પૂર્ણ આરોગ્ય સાથે સેવાક્ષેત્રે ઉજવ્યો જીવન ધન્ય. ઘસાઈને ઉજળા થઈ ગયા.

અનંત જન્મોની લેણદેણ હશે તો દીકરીને છત્ર ધરવા હવે પ્રભુએ ત્યાં સ્થિર કર્યા. પ્રભુ જ્યાં સ્થિર કરે ત્યાં આનંદ પરમ મંગલ જ.

અહીં શંખનાદ વગરનો સૂનકાર પ્રભુ અને તેના બધા જ ભક્તો અનુભવે છે.

સફારી પહેરવેશ, શાંત, અતિનિયમિત, યુવાનોને શરમાવે તેવી સતત શક્તિ સ્ફૂર્તિથી ઉભરાતી તમે તો જાણે પ્રેરણાની પગદંડી ! સ્વસ્થ થઈ જાવ, દોડતા થઈ જાય. 'સ્વર્ગારોહણ' જલ્દી જલ્દી પ્રભુ લાવે એવી પ્રાર્થના.

**–શ્રી'મા' સર્વેશ્વરી**

## ॥ 'કર લે શૃંગાર ચતુર અલબેલી' ॥

આપણે મન મૂકીને નવરાત્રિમાં જપ કર્યા. આજે (શરદપૂર્ણિમાએ) મન મૂકીને ગરબા ગાવાના તો દરેક પર્વને આપણે પણ વ્યક્તિગત રીતે જાતને સજાવી લેવાની છે. કબીરસાહેબ સરસ લખે છે : 'કર લે શૃંગાર ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હૈ' જાતને પણ સજાવવાની છે. જપ, તપ, પાઠ, પારાયણ, પ્રાર્થના, મૌન, પ્રદક્ષિણા, પ્રણામ—કેટલાં બધાં શૃંગારનાં સાધનો છે ! 'કલ હો ના હો' એવું નહિ,'ક્ષણ હો ન હો.' શ્રીનાથાભાઈ મસ્તીથી ગરબે ઘૂમતા હતા, ક્ષણમાં તો ઉપરના લોકે ગરબે ઘૂમવા પહોંચી ગયા !

હવે બધાં જ પર્વો વિવિધ પ્રસાદ ખાવાના નહિ પણ જાતને સજાવવાનાં પ્રસાદ વિશે વિચારવાનાં છે. અમે આ દિવાળી માટે એક સૂચના કરી શકીએ કે, દિવાળીના પાંચ કે દસ દિવસ 'વિશેષ કંઈક સાત્ત્વિક નિયમ' લો. જેમકે; ફટાકડાનું મૌન, મીઠાઈનું મૌન, ફરસાણનું મૌન. અમે દિવાળી ઉપર 'વિશેષ સાધના' વિચારી છે. નવરાત્રિની જેમ 'મૌન એકાંત'ની મઝા. એટલે તમે પણ દિવાળી પર એવું કંઈક વિચારી શકો.

અનેક દિવાળીઓ સૌ વચ્ચે મનાવી. સારુ સારુ જમ્યા. વિવિધ સ્થળોએ ઘૂમ્યા. હવે જાત સાથે પણ જીવવાનું શીખવાનું છે. દિવાળી અમે તો 'અંદર દિલમાં દીવો' કરવા માટે એકલાં ઉજવવાનું નક્કી કર્યું છે. દિવાળીના દિવસોમાં જન્મદિન પણ આવે છે, માટે જ એવું જાતને સજાવવા 'વ્યક્તિગત પર્વ' ઊજવવાનું છે. આપણે જ આપણી જાતને મળીશું. લોકોને



મળીને શું કામ ? જન્મ્યા ત્યારથી મીઠાઈઓ ખાઈને પેટ બગાડ્યાં, આરોગ્ય બગાડ્યાં. હવે આ દિવાળી નવી રીતે 'વ્યક્તિગત સાધનાપર્વ' મનાવીને અમે તો ઊજવીશું.

આ વર્ષે તો તેલના દીવા પણ બંધ રાખ્યા છે. દયાનું દિવેલ, સૂરતાની દિવેટ એક ભક્તકવિએ લખ્યું છે : 'દિલમાં દીવો કરો રે ભાઈ દિલમાં દીવો કરો.' અમે દિવાળી આ રીતે મનાવીશું. તમે પણ કંઈક વિચારજો. કરી બતાવવાનું આ પડકારનું પર્વ છે. કૅલેન્ડરમાં દિવાળી વ્યક્તિગત રીતે જીવનને પ્રકાશિત કરવા જ આવે છે. બહારના દીવડા, ઈલિકટ્રિક ઠીક છે. અંદરની કાળાશને પણ ધોતાં રહેવાનું છે.

ગરબા પણ એક સરસ વ્યાયામ છે. વચ્ચે પ્રભુ ઊભા છે. તેમની પ્રદક્ષિણા નર્તન સાથે કરી રહ્યાં છીએ એવા ભાવથી ગરબા લો. હવે દરેક પર્વે 'જાતને સજાવવા' જાગતાં રહો. બહારની સજાવટ પૈસાથી મળે, અંદરની સજાવટ તપ, સંયમ, સાધનાથી મળે. નવરાત્રિની જેમ દિવાળી પણ ઉજવો અનોખી રીતે !

ખૂબ તપ કરજો. ખૂબ જપ કરજો. નવા વર્ષે નવા શણગાર સાથે ફરી મળજો. જે વ્યક્તિ તપ કરે તેની જ દોસ્તી દેવતાઓ પણ કરતા હોય છે. એટલે તપ તો કરવું જ પડશે. નવું વર્ષ તપોમય બનો. જ્યારે જ્યારે 'સ્વર્ગારોહણ' આવો ને પ્રભુને ચરણે ઝૂકો ત્યારે 'નવું-નવું સાધનાનું ભાથું' પ્રભુને ધરવાનું છે. નવા વર્ષે સૌનાં જીવન પ્રભુપરાયણ બનો.

**—સંકલન**